Rs.5/-
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૦૧ ● એપ્રિલ૨૦૨૪
Volume no. 18, Issue No. 201 April 2024



## ફૂલદોલોત્સવ

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001





અમદાવાદ કાલુપુર મંદિરમાં શ્રી નરનારાયણ દેવ સમક્ષ
ડ્રાય ફ્રુટનો અન્નકૂટ, ઘેવરના અન્નકૂટની આરતી ઉતારતા
પ.પૂ.મોટા મહારાજશ્રી તથા
દ્રાક્ષના અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





રાણીપ મંદિરના ૨૫મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની પૂજા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સભામાં આશીર્વચન માણતા હરિભક્તો



મોટેરા મંદિરના ૩૪મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ
આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



પાટડી બહેનોના મંદિરના રજત જયંતી પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ
આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૭) ● સળંગ અંક : ૨૦૧ ● એપ્રિલ-૨૦૨૪

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | એકાદશીમાં ધાન્ય | ૦૬ |
| ૦૪. | આશીર્વચન મૂળીધામ વસંત પંચમી | ૦૭ |
| ૦૫. | આશીર્વચન શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો પાટોત્સવ | ૧૦ |
| ૦૬. | પરબ્રહ્મ તે વળી, અભડાતા હશે ! | ૧૩ |
| ૦૭. | ભગવાનના ત્રણ ગૂઢ સકંલ્પો : દેવ, આચાર્ય, શાસ્ત્ર | ૧૯ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૨૦ |
| ૦૯. | ભક્તિસુધા | ૨૧ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૫ |





સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

# અસ્મદીયમ્

વ્હાલા હરિભક્તો, આપણે શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો પાટોત્સવ ઉજવ્યો. ફાગણ સુદ-૩ ગઈને પૂનમ આવી, ફૂલદોલોત્સવ ન ભૂતો ન ભવિષ્યતિ ઉજવાયો. પછી ચૈત્રી પૂનમ હનુમાન જયંતી ઉજવીશું.

શાંત જીવ રાખીને જીવનને જોવા જેવું છે. આપણે ભગવાનને ઓળખ્યા છે. તો પછી આપણું જીવન કેવું હોય તે વિચારવાનું છે. મહારાજની આજ્ઞા પાળવી એ જ આપણા જીવનનું ધ્યેય હોય. ભગવાન સાથે તાદામ્ય સાધવાનું છે. જીવનનો અંત ક્યારે ટપકી પડશે તે નિશ્ચિત નથી. આ જીવન તો પાણીના પરપોટા જેવું છે તે ક્યારે ફૂટે તે કહેવાય નહિ.

ભગવાનની કૃપાથી આ મનુષ્ય દેહ મળ્યો છે તો ભગવાન ભજી લેવા. ભગવાનની ભક્તિ કોને કહેવાય ? ભગવાનમાં અતિ સ્નેહ એ જ ભક્તિ છે. સ્નેહ હોય તો એમની આજ્ઞા પાળવી પડે. મહારાજે દાખડો કરી ભક્તિ કેવી રીતે કરવાની તે આપણને શીખવાડ્યું છે. તો આપણે ખટકો રાખવાનો છે. ભગવાનની આજ્ઞા કઈ ? તો મહારાજે આજ્ઞા લેખિતમાં આપી છે. શિક્ષાપત્રી ! એના ૨૧૨ શ્લોક. આજ્ઞામાં કાંઈ બાકી નથી રાખ્યું. એટલું પાળીએ એટલે આ લોક અને પરલોકમાં સુખિયા થવાનો સરળ રસ્તો બતાવ્યો.

ગૃહસ્થાશ્રમીને પોતાનો ધંધો, ઉદ્યમ કરવાનો હોય તેમાં ધન ધાન્ય આદિ મેળવવાનું પણ તેમાં દશમો ભાગ કાઢીને ભગવાનને અર્પણ કરવાની શ્રીજી મહારાજે શિક્ષાપત્રી **શ્લોક ૧૪૭ માં સ્પષ્ટ આજ્ઞા કરી છે. અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉધમ, તે થકી પામ્યું જે ધન્ય ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ભાગ અર્પણ કરવો.** આપણે આ આજ્ઞાનું અક્ષરઃસહ પાલન કરવું તે આપણી ફરજ છે. આપણે જે કાંઈ કમાઈએ તેમાં દેવનો ભાગ હોય છે એટલું ખાસ યાદ રાખવું.

આ ધર્માદાના ભાગમાં કોઈ પ્રસંગ સમૈયામાં ખર્ચ કરીએ તેનો સમાવેશ થાય નહિ તેનું ધ્યાન રાખવાનું. કોઈ જગ્યાએ દાન કર્યું હોય તે બધાનો સમાવેશ આ ધર્માદામાં દશમા ભાગમાં થાય નહિ તે ધ્યાન રાખજો.



**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**

શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (માર્ચ-૨૦૨૪)

૨ ભાઉપુરા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા કથા પ્રસંગે પધરામણી. ત્યાંથી પ્રતાપપુરા ગામે પધરામણી. ત્યાંથી વિહાર મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫ બાકરોલ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર (પ્રસાદી મંદિર) પ.પૂ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પ્રસ્થાપિત શ્રી વિર હનુમાનજી મહારાજના સાનિધ્યમાં આયોજીત સુંદરકાંડ પ્રસંગે પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨ અમદાવાદ મંદિર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો પાટોત્સવ - મહાભિષેક, અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫ મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર ૩૪ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર સુઘડ દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ (બહેનોનું) રજત જયંતી પાટોત્સવ અને ભાઈઓના મંદિરના ૩૯ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨ થી ૨૮ (I.S.S.O.) નૂતન શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર સિનસિનાટી (અમેરિકા)ના ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી, બોલીંગગ્રીન (અમેરિકા) પધરામણી ત્યાંથી કોલોનીયા ન્યુજર્સી આપણા (I.S.S.O.)ના મંદિરોમાં પધરામણી.

૩૦ હળવદ બહેનોના નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (માર્ચ-૨૦૨૪)

૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ભૂંડીયા) છઠ્ઠા પાટોત્સવ પ્રસંગે પધરામણી. શ્રી સ્વામિનારાયણ મંદિર બાકરોલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર (પ્રસાદી મંદિર) પ.પૂ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પ્રસ્થાપિત શ્રી વિર હનુમાનજી મહારાજના સાનિધ્યમાં આયોજીત સુંદરકાંડ પ્રસંગે પધરામણી અસારવા સ્વા. વાડી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૨મો પાટોત્સવ - અભિષેક પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.

૨૫ પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી. ત્યારબાદ શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ રંગોત્સવ અમદાવાદ મંદિરના પ્રસાદીના ચોકમાં હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો.

૨૬ થી ૨ એપ્રિલ - સીડની, મેલબોર્ન (ઓસ્ટ્રેલીયા)ના સત્સંગ પ્રચારાર્થે સંત-પાર્ષદ મંડળ સાથે પધરામણી.




પુરાણોમાં એક શક્તિને મેધા મહર્ષિની કથા આવે છે. કોઈ એક વાર માતા શક્તિ ક્રોધાયમાન બની અતિ વેગમાં ભયભીત થઈને એક જંગલમાં મહર્ષિ ધાનુ તપ કરી રહ્યા હતા ત્યાં તેઓ શક્તિના વિકરાળ તેજથી ધનુ મહર્ષિના શરીર સાથે ભટકાયો. ત્યાં એક ક્ષણમાં જ મહર્ષિનો દેહ ભસ્મીભૂત થઈ ગયો. દેવી શક્તિ મેધા નામે મહર્ષિ તપસ્વી ઋષિ ધાનુના દેહમાં લીન થઈ ગઈ. એટલે તે દેવી મેધાના તેજથી ધાનુ મહર્ષિ પૃથ્વીમાં લીન થઈ ગયા. ઋષિ મુનિઓના મતાનુંસાર આ ઘટના એકાદશી તિથિના દિવસે બની. તે દિવસે પૃથ્વી ઉપર હાહાકાર મચી ગયો. પ્રલયકારી અવાજ તડાકા ભડાકાનો ગગન ભેદી અવાજના ભયથી સમસ્ત મનુષ્ય-પ્રાણી ભયભીત બની ગયા. ધરતીના ધર્તા દિગ્પાલો, ગ્રહો, નક્ષત્રો એ જાણ્યું કે આ ધરતી માતા મેધા-ધાનુના લયના પ્રકોપને સહન કરી શકશે નહિ. જાણે કે ધરતી રસાતળમાં ચાલી જશે. એવા સંકટના સમયમાં બ્રહ્મદેવ ભોળાનાથ મહાદેવના શરણે ગયા પછી તેઓ બન્ને વૈકુંઠાધિપતિ ભગવાનની પાસે ગયા ને ધરતીમાં બનેલી ભયાનક ઘટનાની વેદના રજૂ કરી. ત્યારે તે સમયે ભગવાન વિષ્ણુના ચરણની સદા સેવિકા મહાશક્તિ એકાદશી પ્રત્યે શ્રીહરિ વિષ્ણુએ કહ્યું કે, દેવી તમારી તિથિ એકાદશીના પર્વમાં ભૂમંડળ ઉપર થયેલ પ્રલયકારી વિસ્ફોટોનો અગ્નિ શાન્ત કરો અને ધરતીના નિદોર્ષ જીવની રક્ષા કરો. ત્યારે ત્રિદેવ પ્રત્યે મહાશક્તિ દેવી એકાદશી બોલ્યા કે, દેવી મેધા અને મહર્ષિ ધાનુના વિલયથી થયેલા વિનાશકારી વિકરાળ તેજ ધરતીમાં લીન (સમાઈ) થઈ ગયું છે. ધાનુ મહર્ષિનો ધરતીમાંથી ધાન (અનાજ) ના રૂપે ચાવલ, જવ, ઘઉં આદિ સાત સ્વરૂપે પ્રગટ થશે. તે મારી તિથિ એકાદશીના દિવસ આ ધરતી ભૂમંડળના મનુષ્યોના જીવન પોષક બનશે. અને એકાદશીના (મારી તિથિ)ના દિવસે આ ઘટના બની તેથી તે દિવસે ધાન્યમાં ધરતીના તમામ નાના મોટા પાતકો તે દિવસે નિવાસ કરીને રહે છે. અન્ય તિથિયોમાં તે ધાન્ય દેહનો પોષક બનશે અને એકાદશીના દિવસે પાતક બનશે. દેવી એકાદશીના વચનને ત્રિદેવ સહમત થયા અને કહ્યું કે તમારા વચન સત્ય થાઓ.

તે પછી ધરતીનો પ્રલયકારી અગ્નિ ધરતી માતાની માટીમાંથી સૌથી પ્રથમ ડાંગરના સ્વરૂપે પૂર્વે અનાદિકાળમાં જન્મ થયો ત્યાર પછી જવના સ્વરૂપે અનુક્રમે ઘઉં, મગ, તુવેર, મસુર વિગેરે અન્ય સ્વરૂપે ધરતીમાંથી પ્રગટ થયા. તેઓમાં સૌથી પ્રથમ ડાંગર એટલે કે ચાવલ અને જવ બન્નેને ઋષિમુનિઓએ યજ્ઞ આદિક દેવ કાર્યમાં હવિષ્યાન્ન પૂજન આવાહ્નમાં સમાવેશ - સ્વીકાર કર્યો.

એકાદશીની વ્રત કથાઓ પુરાણોમાં અનેક સ્વરૂપે લખી છે. તેમાં કેટલીક બાબતો ચંદ્ર અને મનના અનુસંધાનમાં કહેવામાં આવે છે. કેટલીક વાતો સ્થુળ શરીર અને સુક્ષ્મ શરીરના સ્વાસ્થ્ય સુખાકારીને કેન્દ્રમાં રાખીને કહેવામાં આવે છે. કેટલીક બાબતો તપ સાધનાની પૂર્તિ કરવાના કારણે માનવ જાતના સર્વાંગી સિધ્ધિને અર્થે કહેવામાં આવી છે. નિરાહાર, વ્રત, ઉપવાસ એ સાધનાની સિધ્ધિને માટે છે. વળી ઉપાસનામાં સંયમ (યમ નિયમ) અષ્ટાંગયોગનો મુખ્ય પ્રથમ સોપાન છે.

એકાદશીની વ્રત કથાઓ તો અનંત છે પણ દરેક કથાના મૂળમાં મહાશક્તિ અને ધાનુ મહર્ષિની કથા રહેલી છે. એક વાત તો નક્કી જ છે કે, આપણા પ્રાચીન વ્રત અને વિજ્ઞાન બન્ને એક સાથે જ ચાલતા આવ્યા છે. વ્રતમાં વિજ્ઞાન અને વિજ્ઞાનમાં વ્રત છુપાયેલું છે. તેનો સાર તો સમસ્ત જીવ સૃષ્ટિ સહિત મનુષ્યના જીવનની ધાર્મિક આધ્યાત્મિક શારીરિક માનસિકની સુખાકારીઓ અર્થે જ છે. તેનું જે જતન પાલન કરે તે બધા પ્રકારે સુખી થાય અને મનમાની કરે તે દુઃખી થાય. ધાનુ ઋષિના તેજમાંથી જે ધાનનો જન્મ થયો તેને આજે પણ ધાન કહીએ છીએ. હિન્દી ભાષી લોકો આપણા ગુજરાતમાં ડાંગર કહીએ છીએ તેને ધાન કહે છે. ધરતીમાં રહેનારાઓ એકાદશીના દિવસે જો

(અનુ. પેજ નં. ૧૪ ઉપર)

શ્રી સ્વામિનારાયણ

# આશીર્વચન મૂળીધામ વસંત પંચમી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પ.પૂ. મહારાજશ્રી, તા. ૧૪-૦૨-૨૦૨૪ આજના મંગલ દિવસે વસંત પંચમી મૂળી જ હોય અને મૂળી સિવાય બીજે ક્યાંય ન હોય, આટલી વાત તમારે ને મારે ગાંઠ બાંધીને મૂકી જ દેવાની. આ વાસ્તવિકતા છે. દુનિયામાં બધાને ખબર છે કે વસંત પંચમીએ હું મૂળી સિવાય ક્યાંય મળવાનો નથી. આ રાધાકૃષ્ણદેવના આશરા સિવાય વસંત પંચમી કે આપણું જીવન ક્યાંય છે નહિ આ બ્રહ્મવાક્ય છે.**

પહેલું મંગળાચરણ, મધ્યમાં મંગળાચરણ અને હમણા શાસ્ત્રી સ્વામીએ નિજાશ્રિતાનાં.... કરીને શિક્ષાપત્રી અને વિદુર નીતિની પૂર્ણાહુતિ કરી. જો કે પૂર્ણાહુતિ તો કેવી રીતે થાય ? છેલ્લા મંગળાચરણમાંય પૂર્ણાહુતિ નથી. આજે શાસ્ત્રી સ્વામીએ સરસ લાભ આપ્યો. એમના ગુરુએ તો બહુ લાભ આપ્યો હતો. ટાઢક થાય છે કે એ પરંપરા સ્વામીએ જાળવી રાખી છે. હમણા રામ સ્વામી સાથે વાત કરતો હતો. છેલ્લા શ્લોકમાં જે કીધું નિજાશ્રિતાનાં એ આપણે બોલીએ છીએ, બસ બોલીએ જ છીએ સમજવું કોને છે ? હમજવાની જરૂરય શું છે ? સમજીએ તો દુઃખ છે. બુધ્ધિશાળી હોય તો દુઃખ થાય. હા, બુદ્ધિ રાખીએ તો દુઃખ થાય. બેલેન્સ કરે તો સુખી થાય અને બુદ્ધિશાળી પણ રહી શકે છે. આપણે બોલી નાખીએ છીએ. નિજાશ્રિતાનાં સકલાર્તિ હન્તા સદ્ધર્મભક્તેરવનં વિધાતા । દાતા સુખાનાં મનસેપ્સિતાનાં તનોતુ કૃષ્ણોઽખિલમંગલં નઃ ॥ નિજાશ્રિતાનાં એટલે આશ્રિત ભગવાનના હોય. **દુઃખના હર્તા, સુખના દાતા આ બધા બહુ મોટા મોટા શબ્દો છે.** જો આપણે માનતા હોઈએ તો. ક્યારેક પથારીમાં સૂતા સૂતા વિચારજો. કેદી સુખ મળ્યું વિચારજો. લાડવો ખાવા મળ્યો એટલે સુખ મળ્યું ? ના, લાડવો ખાધા પછી તો ઘેન મળ્યું ! સુખ શું વસ્તુ છે ? મહારાજે કીધું. **મહાસુખ જેની પાછળ દુઃખનો પડછાયો નથી.** ૨૦૪ માં શ્લોકમાં મહારાજે સચ્છાસ્ત્રાણાં... લખ્યું સર્વ સચ્છાસ્ત્ર નો સાર અને છેલ્લા શ્લોકમાં નિજાશ્રિતાનાં એટલે મારા, પોતાના, ભગવાનના આશ્રિત. કોના આશ્રિત ? કોના દુઃખ હરાય છે ? આ ચાર શબ્દ છે તેમાં માણસ ગોટાળે ચડી જાય છે.

**જે પોતાના એટલે કે ભગવાનના આશ્રિત હોય તેના જન્મ મરણના ફેરા હરાય છે. ત્રિવિધ તાપ હરાય છે. નાના મોટા દુઃખ આવવાના હોય, કદાચ શૂળીનું દુઃખ આવવાનું હોય તો કાંટે ટળે છે.** સકલાર્તિહન્તા, સમગ્ર પીડા, તમામ બધાય દુઃખો તેનો નાશ કરનારા એટલે છેડો આવી ગયો. કેવા છે ભગવાન ? દાતા સુખાનાં - સુખને આપનારા છે અને આ પણ મનસેપ્સિતાનાં મનવાંછિત સુખને આપનારા છે. દુઃખી તો ક્યાં કોઈ છે ?

નારાયણપ્રસાદ સ્વામી કહે, પહેલા ગૌશાળામાં જઈએ. મેં કહ્યું, ના, પહેલા અમારે હરિભક્તો જ્યાં રસોડામાં સેવા કરે છે ત્યાં જવું છે. રામપરાના હશે કે ટીંબાના હશે, એક હરિભક્ત ખૂણામાં પ્લાસ્ટીકની ખુરશી ઢાળીને ભજીયા તળતા હતા. મને દૂરથી આમ આમ કહ્યું. (હાથના ઈશારાથી નજીક આવવા કહ્યું) હવે તમે કો, એવું કોણ કરી શકે ? મને કોણ એવું કરી શકે ? પણ મનમાં એમ થયું કે એને પોતાપણું અને અધિકાર બેય છે એટલે હું ત્યાં ગયો. એને વિશ્વાસ હતો કે હું ત્યાં જઈશ ! નહીં તો કોઈ કરે? એ **ખુરશી ઉપર હું જ બેઠો અને ૮-૧૦ ઝારા ભજીયાના ઉતાર્યા. કારણ એટલું છે કે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરવી.** આ વાત શાસ્ત્રમાં મહારાજે ભાર દઈને કહી છે અને એ હું કારણ શરીરથી, નાથિથી માનું છું કે **ભગવાન અને ભગવાનના ભક્તનો ગુણ રાખવો. ૮-૧૦ ઝારા ઉતાર્યા એ કોઈકના પેટમાં જશે એના આશીર્વાદ મને મળશે. એમની આ સેવા અભિનંદનને પાત્ર છે. એના માટે શબ્દ નથી.**

આ જે ભાઈઓ-બહેનો જે કોઈ હરિભક્તો હોય તે આવી રીતે રસોઈ બનાવીને આપણને જમાડે છે તેઓ ભગવાન અને ભગવાનના ભક્તોને રાજી કરે છે. આપણે તો **First Class** તૈયાર ભાણે ખાવાનું છે પણ એની પાછળ કોઈનો પરસેવો પડે છે એનો વિચાર કરવો અને પરસેવો ન પડે એના માટે મેં નારાયણપ્રસાદ સ્વામીને કહ્યું કે સૌ પ્રથમ રસોડું સરખું કરાવો. નીચે ચીકણું ચીકણું છે એ વ્યવસ્થિત કરવાનું છે. પૂનમે હરિભક્તો આવતા હોય એની સગવડતા પહેલા જોઈએ. **જેટલી હરિભક્તોની સગવડ સચવાશે એટલા સિંહાસનમાં બેઠેલા રાધાકૃષ્ણદેવ રાજી થશે.**

સોનાની સેવા પછી, સોનું તો લટકશે ને પાછું નીકળી જશે. સોનાથી ભગવાનની શોભા વધવાની નથી એટલે તમારા ભાવને હું નકારતો નથી. આ તો મારો અંગત અભિપ્રાય છે. ભગવાનને તો સોનું હોય કે પથ્થર હોય, બહુ ફેર પડતો નથી, જો કર્તા હર્તા માનતા હોઈએ તો

બધું ભગવાનનું જ છે. પણ **કોઈ ભૂખ્યો ન જાય ત્યારે આપણો ઉત્સવ સાંગોપાંગ ઉતર્યો કહેવાય. જે દિવસે એને ભગવાનનો ઓડકાર આવે ત્યારે વસંત પંચમીનો ઉત્સવ પૂરો થયો ગણાય.**

મુંબઈથી, કચ્છથી, રાજસ્થાનથી હરિભક્તો આવ્યા છે. હું હમણા ૫-૬ મંદિરે ગયો. ત્રણ જગ્યાએ તો પ્રતિષ્ઠા હતી. એક દિવસ મુંબઈ ગયો, પાછો આવ્યો પછી મુનિ સ્વામીને કહ્યું, મૂળી સવારે જઈશું પણ પછી એમ થયું કે અમારું ઝાલાવાડ આખું આવે અને અમે આગલા દિવસે ન જઈએ તો શું કામના છીએ ? આ હરિભક્તોને જોઈને ટાઢક થાય, હુંફ વધે આપણી, શ્રધ્ધા વધે, વિશ્વાસ વધે, ગુણ લઈને જવાનું છે. ભગવાને એટલું આપ્યું છે કે આપણી પાત્રતા નથી. આપણે એમાં રહીને માણવાનું છે. સુખ છે, છેને છે જ. કેટલું ભજન થાય છે ! કેટલા ભગવાનને રાજી કરો છો બધા. ભાઈઓ-બહેનો, દીકરા-દીકરીઓ કાલે શયન આરતીમાં કેટલા બધા હરિભક્તો ભેગા થયા હતા ! રામ સ્વામી કહેતા હતા અભિષેકમાં ક્યાંક કચડી નાખે એટલી ભીડ હતી પણ મઝા એની છે, યાદ રહી જાય !

મને હમણા કોઈકે કહેલું, અયોધ્યા **Air Port** બની જાય તો છપૈયા પહોંચવામાં કેટલુ સારું પડે. મેં કીધું નહી સારું ! હા હા કરતા પહોંચી જવાય એમાં મઝા જ શું આવે ? એ તો પહેલા અયોધ્યાથી છપૈયા જતા ત્યારે આઠ કલાક લાગતા, મને યાદ છે. ગામ ખેતરોની કેડીઓમાંથી જતા, બાવળિયા છોલી નાખે ને ત્યારની મઝા જુદી હોય ! દુઃખથી પહોંચાય એને જ જાત્રા કહેવાય, નહી તો પર્યટન કહેવાય. આ સિધ્ધાંત છે. ગાંઠનું ખર્ચીને જવું. હવે તો ફોન કરે છે, વ્યવસ્થા કરી દેજો ખાવાની. એ પણ થાય છે, તમારા માટે જ છે. ગલ્લાની અંદર નાખો છો તો પાછું મળવું જોઈએ. નાથદ્વારા, કોટા, જયપુર કે કાનપુર જ્યાં પણ પહોંચો, ૨૦૦ કિ.મી.ના અંતરે રહેવાની, જમવાની સગવડતા મળે છે. ઉઘરાણું કર્યા વગર. કોટાના મહંત શરીરમાં નાના છે પણ કામ મોટું કરે છે. ભગવાનના ભક્તોનું ધ્યાન રાખવું એ અમારી જવાબદારી છે અને એ જરૂરી છે.

આજે ઝાલાવાડ કેટલો લીલો છે પણ **ધ્યાન રાખજો અમુક નિશાચરો ફરે છે. સમજતા હોય તે સમજી જશે. જે ના સમજ્યા હો એ મને મળવા આવજો. એવા ને તમે જો પેસવા દેશો તો હું તમને નહી પેસવા દઉં.** એવાને શોધીને સમાચાર પહોંચાડી દેજો. તમે નહિ શોધી શકો જગદીશભાઈ. જગદીશભાઈ તો સત્સંગનું ઘરેણું છે. નિશા એટલે રાત. આ તો દાડે ફરે છે. રાત્રે મકાનમાં બાકોરું પાડીને ચોરી કરવા જાય એને દેશી ભાષામાં ખાતર પાડવાનું કહેવાય. પણ એ તો રાત્રે ચોરી કરતા અને આ તો દાડે બાકોરું પાડે છે. સાચવજો. **હું એટલા માટે કહું છું કે રૂપિયા ચોરી જાય એનો વાંધો નથી પણ રૂપિયા સાથે શ્રધ્ધા ચોરી જશે તો પેઢીઓમાં નુકશાન જશે. ગાલ ઉપર લાફો મારે તો રૂઝ આવે પણ શ્રધ્ધા ઉપર કોઈ લાફો મારે તો રૂઝ આવતી નથી. બીજે ઘાલી દેશે તો પછી કામ થવાનું નથી.**

**એક હજાર કરોડ વખત કીધું છે અને બે હજાર કરોડ વખત કહીશ કે દેવનું હશે ત્યાં હું જઈશ, બાકી મારે જવું નથી મને પડી નથી, ગમે તેવો મોટો હોય, ગમે તેવી મોટી દુનિયા હોય, દેવનું નથી ત્યાં શું કામ છે ? આપણે દેવના છીએ ને દેવના જ રહેવાનું છે એટલી તો ખુમારી હોવી જ જોઈએ. ગર્વ હોય તો જીંદગી જીવવાની મઝા આવે. ઓશિયાળા રહે એને જે તે મૂંડીને જતા રહે.**

ભગવાનના આપણે દીકરા છીએ. ભગવાને આપણું ધ્યાન રાખ્યું છે, સુખી કર્યા છે. તમે તો ભગવાનના આશ્રિત છો જ પણ આપણે બીજાને ભગવાનના આશ્રિત બનાવવાના છે. બીજું કંઈ કરવાની જરૂર નથી.

હમણાં વાત નીકળી, આચાર્યની આજ્ઞામાં રહેવું, આશ્રિત થઈને રહેવું. આચાર્યની કઈ આજ્ઞા છે ? મને શીખવાડજો ! કોઈ એક તો ઉભા થઈને બોલજો ! આ ભૂત વળી ક્યાંથી આવ્યું ? ૨૧૨ શ્લોક મહારાજે લખ્યા છે. ૨૧૩ મો શ્લોક અમે તો લખ્યો નથી. **હું ભગવાનનો છું તમે ભગવાનના થશો તો આચાર્ય તમારા થશે. ભગવાને આજ્ઞા કરી છે એટલે આ પદ છે, આ પદની ગરિમા છે. સંતોની ગરિમા દેવ થકી છે. હરિભક્તોની ગરિમા દેવ થકી છે. આપણે બધા એક બીજાની સાથે ગૂંથાયેલા છીએ. એક બીજાની મર્યાદામાં રહેવાનું છે. કોઈ આચાર્ય કે સંત ૨૧૩ મી આજ્ઞા કરે તો મૂકીને જતા રહેજો એને ચોખ્ખું કહું છું. આ બહુ સમજવાની જરૂર છે.**

**હોય એટલું પળાય નહી અને આપણે વધારે પાળવા જઈએ છીએ. એક ગળણાની જરૂર હોય ત્યાં પાંચ ગળણા બાંધીએ છીએ. શ્રવણમાં, વિચારમાં, ચાલમા, દ્રષ્ટિમાં ગળણાની જરૂર છે.** નળે તો ગળણું અડધું બંધાશે તો કદાચ બહુ બહુ તો બીમાર થઈશું. સ્વાસ્થ્ય માટેની જ આજ્ઞા છે ને એ દેવના જેટલા થઈશું એટલી ખુમારી આવશે આ સનાતન સત્ય છે. અને એ પરંપરા દીકરા-દીકરીઓને આપજો. આ બહુ મોટી જવાબદારી છે. એમ જ નથી બોલતો, ભાષણ નથી કરતો, વાસ્તવિકતા કહું છું. **દેવના થઈને જ રહેવાનું છે. એ**

**જીવીશ ત્યાં સુધી કહેતો રહીશ. જે ભગવાનના નથી એ કોઈના નહી થઈ શકે.** એ જ પરંપરા છે. સંસ્કાર છે. ગરિમા છે અને ગૌરવ છે.

ફોન આવ્યો. લોન વાળા હશે. એક દિવસ એક ભાઈએ મને ફોન કર્યો કે લોન જોઈએ છે ? મેં કીધું, તારે જોઈએ છે ? **અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. લોન શું કરવા લઈએ ભઈ ?** બે ટંક રોટલા ભગવાન આપે છે. ત્રીજા ટંકની જરૂર નથી. **લોનની એને જરૂર પડે જેને જાડા પૈડાની ગાડીમાં ફરવું હોય !** અમારે તો શાંતિ છે, જલ્સા છે. આ ફુલના હાર તો ઠીક છે પણ સાચા હાર તો તમે બધા છો. **રાધાકૃષ્ણદેવ ના મુખારવિંદ ઉપર આમ મુસ્કાન સ્માઈલ આવે છે એ તમારા બધાને કારણે આવે છે. આ વાસ્તવિક્તા છે.**

જમવામાં ભજીયા છે, બુંદી છે, બે ત્રણ શાક છે. હરિપ્રકાશ સ્વામી કહેતા હતા ૧૧ પ્રકારનું કંઈ જુદુ જુદુ છે. બધુ ન ખાશો. માપે માપે ખાજો, આફરો ચડશે. ખમતીધર માટે ઠીક છે. આપણી જેવાને બીજા દિવસે ડૉકટર પાસે જવું પડે. વસ્તુએ છે કે આ બધુ તમારા માટે છે. હરિભક્તોની સગવડ જરૂરી છે.

વડીલ સંતો દુનિયા જોઈને બેઠા છે. યુવાનો પણ ઘણા છે. ગુલાબપુરાથી, ડાંગરવાથી, ઉત્તર ગુજરાતથી ઘણા બધા આવ્યા છે. મમત્વ છે એટલે અવાય છે અને સેવા બધા કરો છો. ગુલાબપુરાવાળા આ ડોહા છેક અમેરિકાથી આવ્યા છે. ખૂબ સેવા કરે છે. તમને કદાચ ખબર નહી હોય છપૈયામાં નારાયણ સરોવરની ફરતે જે રેલીંગ છે. તેનું કાસ્ટીંગ તેમની ફેકટરીમાંથી જાય છે. બીગબોસ બોલતા નથી પણ કરોડો રૂપિયાની સેવા છે. તો પણ મેં મજાકમાં કહેલું કે એક કરોડ રૂપિયાનો ચેક લાવો, તો કહે કાલે લેતો આવીશ. મેં કીધું મારે નથી જોઈતો. પણ એ ભગવાન સિવાય ક્યાંય પગ મૂકતા નથી. છાતી ઠોકીને કહું છું કે એ મારા છે. દેવ માટે શું ન થાય ? મહારાજે કીધું ને ભગવાન માટે શું ન થાય ? શાસ્ત્રમાં તો નામ મળે પણ આ અહીં બેઠા છે. આવા એક નહી ઓછામાં ઓછા ૧૫૦ જણ તો અહી ગણાવી દઉં. ધર્માદો ચોખ્ખો કાઢતા હોય એવાની જ એટલી વાત છે.

મૂળીએ મૂળ મુડી છે માટે નિશાચરોનું ધ્યાન રાખજો. વલ્લભ સ્વામીના ગુરુ પ્રેમજીવન સ્વામીએ મૂળીમાં, સુરેન્દ્રનગરમાં, બીજા અનેક ગામોમાં ખૂબ સેવા કરી છે. 'જય સ્વામિનારાયણ' અને ખાધું કે નહિ એટલી જ વાત. ભજન કરવું, જમાડવું અને ઓછું બોલવું. મહારાજના ધામમાં છે. આશ્રયમાં બેઠા છે. આપણે બધા પણ આશ્રયમાં બેઠા છીએ. ચિંતા હોતી નથી પણ એમાં જે ગુણ હોય એ લેવા એજ શ્રધ્ધાંજલિ હોય એમના શિષ્ય વલ્લભ સ્વામી પણ એવા જ કર્મનિષ્ઠ છે. ખૂબ બધાને જમાડે છે અને જમાડતા રહેશે. જવાબદારી એમની વધી છે. આજે એમના ગુરુને યાદ કર્યા.

આ સંતો ગામડાઓમાં જઈને બધા હરિભક્તોને ખૂબ પોષણ કરે છે. અમે પણ છેલ્લા એક મહિનામાં ૪-૫ વાર ઝાલાવાડમાં આવ્યા. હમણા દેવળીયા આવ્યા હતા. ઝાલાવાડમાં મઝા આવે છે. ગમે છે.

**ધર્માદો દેવ સિવાય બીજે ક્યાંય જવો ન જોઈએ.** કાઢો તો દેવને આપજો, નહી તો ઘેર રાખો. ઘેર રાખવાનું મહારાજ નથી કહેતા કે હું નથી કહેતો. મહારાજની ઉપરવટ જઈને મારાથી ન કહેવાય. **ધર્માદો દસમો ભાગ જ કાઢવાનો, વીસમો ભાગ કોને કાઢવાનો ? જેને પોતાનું ઘર ન હોય, ગાડું ન હોય, ખેતર ન હોય, દાડિયા તરીકે જતા હોય.** જો કે હવે દાડિયા તો મળતા પણ નથી. **બીજાના આધારે રહેતા હોય એ વીસમો ભાગ કાઢે. બાકીનાયે દસમો ભાગ જ કાઢવાનો હોય છે. ધર્માદો ચોખ્ખો કાઢનાર પછી દાન દક્ષિણા આપે કે ન આપે. કોઈ માગે તો કહી દેવાનું કે હું ધર્માદો ચોખ્ખો કાઢું છું. મહારાજશ્રી ને પૂછી આવજો પછી કોઈ નહી આવે ! આવા ભગવાન મળ્યા પછી પૈસાની શું લાલચ રાખવાની ?** ભીખારી છીએ આપણે ?

ત્યારે આ ગાદી સોફા, ગાલ મશુરીયા નહોતા નિષ્કુળાનંદ સ્વામીએ તો મેડી ઉપર ફાટેલી તૂટેલી ગોદડી ઉપર બેસીને લખ્યું છે. શીદને રહીએ કંગાલ... બોલો ખુમારી તો જુઓ ભગવાનની ! મને તો ઘડીક આમ હૃદય સ્પર્શી જાય આજે આટલું મળ્યું છે છતા ઘણા કહેતા હોય છે પહેલા જેવું નથી. આપણે રહ્યા છીએ પહેલા જેવા ? પહેલા જેવાને ક્યાંથી લાવશો ? આપણે આજના જેવા થઈએ તોય બહુ છે.

હરિભક્તોના સમુદાયની આવી દુનિયા મળી છે તો મર્યાદામાં રહીને શાંતિથી ભજન કરવું. હાચવજો. તમે મારું ધ્યાન રાખો છો યુ-ટ્યુબ જોઈને એમ હુંય તમારું વગર યુ-ટ્યુબે ધ્યાન રાખું છું. ક્યાં ક્યા, શું શું, કોણ કોણ ? કારણ તમે ભગવાનના છો એટલે અમારા થયા. એટલે અમારે પણ તમારું ધ્યાન રાખવુ પડે ને !

હવે ઠાકોરજીને રંગના વધામણા કરીએ. તેનો પ્રસાદ લઈએ. પછી લીગલ પ્રસાદ બીજો લઈએ, તૈયાર જ છે. બધા ઉપર ભગવાન ખૂબ ખૂબ આશીર્વાદ વરસાવે એવી પ્રાર્થના સાથે જય સ્વામિનારાયણ.....

# આશીર્વચન શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો પાટોત્સવ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પ.પૂ. મહારાજશ્રી, અમદાવાદ મંદિર તા. ૧૨-૦૩-૨૦૨૪ :** મહંત સ્વામીએ મજબૂત ભાષણ કર્યું. ભાષણ ન કહેવાય, ભાષણ નહોતું પરંતુ અંતર ખોલ્યું. એના પછી બધુ ગરીબ લાગે. **"પર્વ"**ની અંદર કીર્તનનું રેકોર્ડિંગ ચાલતું હતું તેમાં કીર્તનની એક કડી **નરનારાયણ ગાઓ રે, અવસર નહી મળે આવો... આનાથી વધારે હવે શું કહેવાનું ? શીદને ભટકો છો મતપંથમાં રે....** આ બધુ કેટલું બધું છે ! બહુ જોવા જઈએ તો ગોટાળે ચડી જવાય. મહંત સ્વામીએ કહી દીધું, હવે ફરીથી નહી કહું.

**ધર્માદાની વાત અગત્યની છે કારણ કે એ મારી વાત નથી મહારાજની આજ્ઞામાં આવે છે.** અઠવાડિયા પહેલા કોઈકે કહેલું કે નોટબંધી પછી ધર્માદાની તકલીફ થઈ છે. મને કંઈ સમજણ ન પડી ! નોટબંધીથી કોઈ તકલીફ પડી જ નથી. પડી છે કોઈને ? પણ **દાનતમાં તકલીફ ના પડે એ જોવાનું છે.** કારણ કે આ ભગવાનની આજ્ઞા છે . મારી નથી, મહંતની નથી, સંતની નથી કે હરિભક્તની નથી. આમાં હું પણ ફેરફાર કરી શકુ તેમ નથી. **૨૧૨ શ્લોકની શિક્ષાપત્રીમાં બસો સાડા બાર કોઈ નથી કરી શક્યું અને નથી કોઈ કરી શકવાનું. ફુલ સ્ટોપ. આ સીધી વાત છે. આપણે બધા મોટી મોટી વાતો કરીએ છીએ. પણ શક્ય હોય એટલી મહારાજની આજ્ઞા પાળવાની છે. તમે ધર્માદો કાઢો પછી દાન આપશો કે ન આપશો, મને ચિંતા નથી.**

જેના મા બાપ ના હોય તેવા બાળકોને આજે **"આંગન"** દ્વારા બહેનો અને ગાદીવાળા સાચવેછે. ૨૦-૨૫ કરોડનું થયું તેના માટે ખરડો કર્યો નથી. ગલ્લાપેટીમાંથી જ થયું. જે કોઈ નવી મિલ્કત કે નવા પ્રોજેકટ આવે છે તે ગલ્લાપેટીમાંથી આવે છે.

બે-ત્રણ બહારના પ્રાંતના મહેમાન હતા. ધાર્મિક ચર્ચા કરતા હતા. મને પૂછ્યું, આ બધું કેવું હોય છે, કેમ હોય છે ? મેં કહ્યું, અમે ધર્મનું વ્યાપારીકરણ કર્યું નથી. અમે ધંધો ચલાવતા નથી એમણે કહ્યું, સાચી વાત છે. અમે દર્શન કરવા ગયા ત્યારે સંતોએ પ્રસાદ આપ્યો. મનમાં થયું કે એમનામ ના લેવાય એટલે પૈસા કાઢ્યા સંતોએ ના પાડી તો અમે આગ્રહ કર્યો એટલે પહોંચ આપી. આવું કેવું ? આવું ન હોય તો પછી બદલી થાય. આ ઉઘાડું કહું છું. કાં તો કંટાળીને મૂકે ને કાંતો વાંકમાં આવીને મૂકે. દેવના નામે ધૂત હું ચલાવવા માગતો નથી. આ સનાતન સત્ય કહ્યું. પગ ત્યાં જ પડશે જે દેવનું છે.

હમણા બે દિવસ પહેલા એક ઓફિસર સારા સજ્જન મિત્ર છે એ કહેતા હતા કે યુનિફોર્મમાં હોઉ ત્યાં સુધી મારાથી મોટા અધિકારી સાહેબ હોય કે મોટા રાજકારણી હોય, વાંકો ના વળું, ટોપી ના નીકળે. એમ **મારી પાઘ દેવ સિવાય બીજે ક્યાંય ના નીકળે એનું ગર્વ છે.** કેમ ના રાખીએ ? મહંત સ્વામીના શબ્દો જુદા હતા. પોદળામાં હાંઠા નાખવા જેવી વાત હતી. કાઠિયાવાડ અને ઝાલાવાડમાં આ શબ્દો વપરાય છે. એ ભૂલી ગયા તમે, બીજે જતા રહ્યા.

સાચી વાત કહેવામાં બીક નથી. સંતાઈને નથી કહેવાનું મહારાજે ખૂણિયા સત્સંગની ના પાડી છે. ઘણા કહેતા હોય છે ને કે અહીં આ બાજુ આવો ને જરા. થોડી વાત કરવી છે. અરે ભઈ ! અહીંયા જ વાત કર ને ! સભા મંડપ શેના માટે કર્યા છે ? અંતરમાં કપટ હોય એટલે ધીમેથી બોલે, આમાં લખાવોને ! શેના માટે ? એ પછી સમજણ પડી જશે. સમજણ પડેલી જ છે બધી ! **દુકાનો નથી ખોલવાની ! ભગવાન દેખાડવાના છે. દેવના નામે દુકાનો નહી ચાલે. દેવનું અંદર જશે તો આંતરડા ફાટી જશે. આ વાસ્તવિકતા છે. ચોખ્ખું કહું છું. દેવના રૂપિયા ખોટી રીતે લેતા હોય એ પછી અમારામાં હોય કે બીજા ગમે તે હશે, આંતરડા ફાડીને લોહી કાઢશે. હજાર વખત કહ્યું છે કે દેવનો રૂપિયો એ દેવનો જ રહેશે અને એ દેવના આશ્રિત માટે જ વપરાશે. આ સિદ્ધાંત છે અને તેનું ગર્વ છે. નરનારાયણદેવ દેશ ગાદી જે દેવ સિવાય ક્યાંય આઘી પાછી થશે નહી અને કોઈને થવા દેશે નહી. જ્યારે બાપજીએ અહીં બેસાડ્યો ત્યારે પહેલા દિવસે જ કીધું હતું અને છેલ્લા શ્વાસ સુધી કહીશ.** સાત પેઢી થઈ અને બીજી સાતસો આવશે તોય આ ગાદી આવી રીતે જ ચાલશે.

દુનિયાને જે કરવું હોય તે કરે જગતની અંદર બધુ ચાલશે. શું કરવા આપણે બધું માથે લઈને ફરીએ ? **આ સંસ્થામાં કે તાબા નીચેની સંસ્થાઓમાં વ્યાપારીકરણ ક્યારેય થશે નહી અમે ધંધો નથી ખોલતા. દેખાડવાનું કંઈ અને કરવાનું કંઈ એવું અહીં નથી.** એવું કર્યું હોય તો અહીં બેઠા ન હોત. મોટા મોટાને પટાવાળા રાખ્યા હોત!

લાલજી મહારાજશ્રીને પત્રો દેખાડતો હતો. ઈન્વર્ટેડ છે સુપ્રિમ કોર્ટમાં એટલે કોઈ દાવા નથી હો ! સુપ્રિમ કોર્ટના સિનિયર કાઉન્સીલરને અમે બેઠા હતા. એમનમ ખાલી બેઠા હતા. કેમ કે સ્વાર્થવાળા સંબંધ હું રાખતો જ નથી. વડીલ હતા એટલે મને આમ ખભો

થાબડીને કહે, ગર્વ છે હો ! **નરનારાયણદેવનું કોઈ Litigation (દાવો) જ આવતું નથી.** હવે એને સત્સંગનો કોઈ સાંધોય ન હોતો એવા માણસના આ શબ્દો હતા.

Covid માં વહીવટમાં રહેલા સંતો અને ભક્તો ટેન્શનમાં હતા. રૂપિયા વાપરવા કેવી રીતે ? મેં કહ્યું, જેને જરૂર હોય એના માટે વાપરો. જલ્સા કરો. એણે જ આપેલા છે. અભરાઈએ ચડાવી ને શું કરીશું ? બાપજીએ મને પૂછ્યા વિના એકાઉન્ટમાં ફોન કર્યો હતો. પૈસા તો છે ને ? સાંજે જમીને ઉભા થયા પછી બાપજીએ વાંહો થાબડ્યો. જવાબ એવો હતો કે ૨૦૦ વર્ષ સુધી ચિંતા નથી. આપણે કોઈ જેવા તેવા છીએ ? આપણે માયકાંગલા છીએ ?

કોઈ શરત કરવા આવે આમ કરો, તેમ કરો. આમ નહી કરો તો પૈસા નહી આપીએ. એવા માટે હું અહીંથી કહી દઉં છું કે એને ડબલ ચેક પાછો આપી દો ! ડબલ લઈને નીકળ ! જાન છોડ ! ભગવાનમાં કોઈ શરત આવતી નથી. શરતવાળુ અમે લેતા જ નથી. ભગવાન મળ્યા છે એની ખુમારી તો હોવી જોઈએ ને ! ઉન્નતિ પ્રગતિ થતી જ રહેશે. મારા દાદી-મોટા માતૃશ્રી હતા ત્યારે બીજા પ્રજાતિના અમુક સ્વામિનારાયણ નામ વાપરતા હોય એવા હવેલીની અંદર આવે ત્યારે પગ હેઠા હોય તો ઉપર કરી લે અને કહે, અડીશ નહી. અડીને અમને અભડાવીશ ! એ વખતે ગોદાવરી બા સાંખ્યયોગી બહુ મજબૂત હતા, અમે અમ્મા કહેતા હતા, તેઓ કહેતા કે, આવું કરશો તો કોઈ આવશે નહી. **દાદી કહેતા કે ભગવાનની ઈચ્છાએ કરીને સત્સંગ વધે છે કે ઘટે છે.**

અહીં આવવું હોય તો અમારી શરતે જ રહેવાનું, ભાવિન ! તમારે લંડનની શરતો લાગુ પડે છે ને ? બાપા તમારે ઓસ્ટ્રેલિયાનું એમ આપણે ભારતનું બંધારણ IPC (Indian Penal Code ભારતનો ફોજદારી દંડને લગતા કાયદાનો સંગ્રહ)ની કલમો લાગુ પડે છે. રાજનભાઈ ! ચેરિટીના નિયમો લાગુ પડે કે ના પડે ? આ નરનારાયણદેવનો દરબાર છે. અહીં દેવના નિયમો લાગુ પડશે ! ગમે તો આવો, ન ગમે તો કંઈ નહી. હું સારો ને મારો ભગવાન સારો. હું ને મારો ઠાકોર, બાકી જગત કાણું. ઠાકોર બેઠા પારણે ને હું દોરી તાણું. અમે બે તો છીએ જ, આપણે તો છીએ જ ને ! આનંદ છે. **ભગવાન મળ્યા છે. Seriously નાભિથી કહું છું કે આનાથી વધારે કોઈ ઈચ્છા કરવી એ જ વિચિત્રતા કહેવાય.**

મેં તો બે વખત પગ નીચે કર્યા. પણ તમને લાગણી છે, ખપ છે માટે નીચે પલાંઠી એમનામ રાખી છે. તપસ્વી તમે છો ! આ ઉભા છે એ ઋષિમુનિઓ છે ! અધરુ છે. મેં સ્વામીને કહ્યું, હારતોરા ઠીક છે. પરંતુ **જેઓ રોજ સવારમાં વહેલા આવીને ઠાકોરજીના હાર કરે છે, સવારના પહોરમાં નરનારાયણદેવના મંદિરમાં કચરા પોતા કરે છે, સેવા કરે છે, જેને મમત્વ છે એવાને આવા પ્રસંગોએ હાર પહેરવા બોલાવો.** સિધ્ધેશ્વર સ્વામી ! હંજવારી મોટી વાત નથી. આપણો ધંધો છે. દેવના દરબારમાં, બાકી મેં તો બીજી ઘણી હંજવારી વાળી છે. હંજવારી વાળવામાં શું વાંધો છે ? કચરાને કચ્છી ભાષામાં ઘસિયો કહેવાય. ઘસિયો સાફ તો કરવો પડે ને ! હું આજે જીમમાં વેક્યુમ પોતે કરીને આવ્યો છું. કારણ, મારે જ પાછું જવાનું હોય છે. મમત્વ ન હોય તો સુખ ન આવે. ભાડાનું મકાન હોય તો બલ્બ ન બદલે ! પોતાનું હોય તો જરીક તિરાડ પડે તો પણ કલર લઈને મંડી પડે. **આ દેવ, આ સંસ્થા, આ સંતો, આ હરિભક્તો આપણા છે.**

નવા સંતો આજે થયા તેઓને ખાસ અનુરોધ છે. ગામડા ફરજો, મ્યુઝિયમમાં પ્રસાદીના પત્રમાં જે લખ્યું છે તે તો ભૂકા બોલાવી દે એવું છે ! આમાંથી અડધાય ન રહે ! ચરાડવામાં મેં કીધું હતુ, આપણે સત્સંગિજીવન શાસ્ત્ર બંધ જ રાખીએ છીએ. અહીં પોથી પેક છે કે નહિ ? જોઈ લો તમે. ખોલીને સાચે સાચું કહીએ તો આમાંથી એકેય ન રહે, લો, લઈ જાવ તમારી કંઠી ! મનોજભાઈ ! ખોટી વાત હોય તો કહો મને. મહારાજે બાકી રાખ્યું જ નથી. આપણે નળમાં ગળણા બાંધીએ છીએ. મહારાજે સ્વભાવમાં ગળણા બંધાવ્યા છે. બ્રહ્માનંદ સ્વામી જેવા બ્રહ્માનંદ સ્વામીને મહારાજ કહે, આટલો કટકો જ પહેરવાનો ! મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આ બધાના મહારાજે ભૂકા બોલાવ્યા. આપણે એની આગળ છછુંદરમાં કે ભાજી મૂળામાંય ન આવીએ. કાઢીને આપી જ દઈએ ! **આપણે નથી કર્યું તપ, નથી કર્યું વ્રત છતા ઘેર બેઠા ભગવાન મળ્યા છે એનો મહિમા સમજીને રહેવાનું છે.**

નિત્ય બહુ વાંચવાથી પણ કાંઈ થવાનું નથી. હું જ નથી વાંચતો. કથાનો ક્રમ હોય છે. શ્રવણ, મનન, ચિંતન અને નિદિધ્યાસ પણ આપણે એય ગોખાઈ ગયું છે. સંધ્યા સમયે મંદિરે જવાની મહારાજે શા માટે આજ્ઞા કરી ? આખા દિવસ દરમિયાન જ્યાં ત્યાં ભટકાયા કૂટાયા હોઈએ, મનની વૃત્તિઓ જ્યાં ત્યાં ગઈ હોય એને પાછી વાળી ભગવાનમાં જોડાવા માટે છે. એમ રાત્રે પથારી મળે ત્યારે થોડું વાંચ્યું હોય એ વિચારવું અને ચિંતન કરવું અને પથારી પણ ભગવાનને લીધે મળી છે.

હમણાં બધાએ વિડિયો જોયો ત્યારે એમાં AC આવ્યું ત્યારે તાળીઓ પડી. વિડિયોમાં રસોડું હતું, લાડવા હતા. ખાટલા હતા, તકિયા, ગાલ મશુરિયા હતા એ કંઈ દેખાયું જ નહિ ? AC માં તો મરી જવાય ! ઉભા નથી થવાતું સવારે ! હોકારા બોલી જાય. આ લંડન વાળાને પૂછી જોજો. આ કાન્તિભાઈ, જેઠાલાલ Winter (શિયાળો) આવે એટલે India (ભારત) આવી જાય. ઠંડી બહુ પડે એટલે ગૂડા દુઃખે.

મેં તો આ નવા સંતોથી પણ નાની ઉંમરે ગામડા ફરવાનું શરૂ કરી દીધુ હતું. સ્કૂલે નહોતુ જવું એટલે ! આ સંતોને તો બીજું કંઈ કામ નથી. **સત્સંગ ભણ્યા એટલે બધુ ભણ્યા. ભગવાન જાણ્યા એટલે બધુ જાણ્યું. બીજી કોઈ ડિગ્રી જોઈતી નથી. શું કરવા આવ્યા છીએ. શું કરીએ છીએ અને શું કરવાનું છે એટલું જાણપણું જેને હોય એ જ્ઞાની. બીજા સર્ટીફિકેટ કામ લાગતા નથી.** એક ભાઈએ લેટર હેડમાં એટલી ડીગ્રીઓ લખેલી કે જગ્યા જ નહોતી. ડીગ્રીઓ કરવાની શું ? તને ભાન તો છે નહી હું કોણ છું ? માણસનો દેહ શેના માટે છે ? એટલે તો ડિગ્રીઓ લખે છે. હું ફલાણો છું.

અમારી જ વાત કરીએ આજે આટલા બધા ધર્માચાર્યો છે પણ હવે તો ધર્માચાર્ય હોવું એ પણ અપમાનજનક છે. ધર્મના નામે જેટલું ધતિંગ ચાલે છે એટલું બીજે ક્યાંય ચાલતું નથી. ધર્માચાર્ય નામ આવે એટલે એ નક્કી ચોર હશે એવું લોકો માને છે. હકીકત કહું છું. તમને અનુભવ હશે જ ! તમને ધર્માચાર્ય પાસે જતા બીક લાગે છે કે નહી ? જતા એમ થાય કે ક્યાંય ખીસુ હળવું કરશે તો ! વાત એટલા માટે કરી કે અહીં એવું નથી. તમે અહીં બોજ કે બીક વિના રિલેક્ષ થઈને ગર્વથી આવી શકો છો. ઓસ્ટ્રેલિયા ડેરીમીટ (મેલબોર્ન) મંદિરમાં સાત લાખ ડોલરની જરૂરિયાત હતી બે બિલિયન થઈ ગયા એટલે પત્રિકામાં લખી દીધું. Donation is not accepted (દાન સ્વીકારવામાં આવતું નથી) કણબી હરિભક્તો વિચાર કરતા હતા કે હવે ક્યાં લખાવવા ? અમે કહ્યું, તમારા પાકીટમાં ખીસામાં જ રાખો. બે ત્રણ દિવસ મઝા કરો. પછી તમારા ઘરવાળા માટે, દીકરાઓ માટે શોપીંગ કરીને જતા રહો એને પાટોત્સવ ઉજવ્યો કહેવાય. ભગવાન જેવો ભગવાન મળ્યો છે. થશે બધુ, કંઈ અટકતું નથી. પુરુષ પ્રયત્ન મુકવાનો નથી. ભગવાનની આજ્ઞા છે એ સર્વોપરી છે.

ઝાલાવાડ, પંચમહાલ, બાલાસિનોર, લુણાવાડા ક્યાં ક્યાંથી દૂર દૂરના ગામોથી, દેશ વિદેશથી બધા આવ્યા છો. સંતો પણ છે. હરિસ્વરૂપ સ્વામી છે, મુક્તરાજ, મુક્તજીવન સ્વામી છે, કે.પી. સ્વામી, મૂળી મહંત છે. સત્સંગ કરજો, ટેકીને નહી બેસવાનું. **સાધુ ફરતા ભલા.** આચાર્યએ ગામડા ફરવા એવું શાસ્ત્રમાં ક્યાંય લખ્યું નથી. મંત્ર દીક્ષા આપવી અને પ્રતિષ્ઠા કરવી એટલું અમારા માટે છે, વાંચજો સંતો બધા ફરે જ છે. In case ક્યાંક ન ફરતા હોય તો સાંભળીન શરૂ કરજો તો બીજીવાર વધારે આનંદ થશે. ગૃહસ્થ હોય એ નાનપણથી છોકરાને નથી ધંધે લગાવી દેતા ! એમ નવા નવા સંતો હોય એમને ખાસ કહેવું. ગામડા સાચવજો. સંસ્થા તો ભગવાન સાચવે છે. હું અહી બેસું છું ? એકાદશી-પૂનમે અહીં બેસવાનું સંતો સાથે નક્કી કરેલું તો પણ ગઈ પૂનમે ગામડે જવું પડેલું. ગુલ્લી નહોતી મારી ! **ગામડે મારા પૈડા ફરે છે એ જ મારી માળા ફરે છે. હાથમાં લઈને માળા ફેરવવાની મને પાલવે નહી.**

ઘણા ટુકટુકિયું રાખીને મંત્ર ગણતા હોય છે. અગાઉ પણ મેં કહ્યું છે કે મહારાજ ગણિતના ટીચર નથી. અક્ષરધામમાં લઈ જવા માટે ખીસામાંથી કાઢીને મહારાજ તમારું ટુકટુકિયું જોશે ? કે કેટલા જાપ થયા ? એક ભાઈએ તો મોબાઈલમાં એપ્લીકેશન નાખેલી. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ.. ગણવામાટે કે આટલા હજાર જાપ થયા. ઘા કરી દેજો. મોબાઈલનો એના માથા ઉપર ! મને વાંધો નથી, આ તો મારો વ્યક્તિગત વિચાર છે. હકીકતમાં મુક્તાનંદ સ્વામીની સમજણ પ્રમાણે એક માળા નથી ફરતી સરખી અને આપણે શું ગણતરી કરીએ છીએ ? ક્યું સર્ટીફિકેટ લેવાનું છે ? **આપણે ભગવાનની નજરમાં આવી જઈએ તો બહુ થઈ ગયું. ભગવાન આપણી નજરમાં રહે એમા બધું આવી ગયું.** બીજું કંઈ કરવા જેવું નથી. અન્ન-વસ્ત્ર ને આબરું મહારાજે આપ્યા છે અને આપતા રહેશે એની ચિંતા છે જ નહિ. ખુમારી તો રાખવી પડે ને !

આ ભાવેનભાઈ પાઠકના દીકરાને અંગ્રેજી જ આવડે છે. જેથી અહીં શું ચાલી રહ્યું છે એની કંઈ એને સમજણ જ નથી એટલે ટેન્શનમાં બેઠો છે. ક્યારનો ! મેં સ્માઈલ આપી એટલે એણે સામે સ્માઈલ આપી. બાકી તો બિચારાને પ્રાણી સંગ્રહાલયમાં આવી ગયા હોય એવું લાગે ! **પરંતુ વસ્તુ એટલી છે ને દેવના દરબારમાં આવે છે એને ભગવાન સિવાય કંઈ ખબર પડતી નથી. ભાષાની જરૂર છે કે ભગવાનની ?** બસ, હવે અન્નકૂટ આરતી કરવા જઈશું. બધાનું ખૂબ મંગળ થાય એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# પરબ્રહ્મ તે વળી, અભડાતા હશે !

- નટુભાઈ બી. પટેલ (રાજપુરવાળા - કેનેડા)

શ્રીજી મહારાજના, અમદાવાદ મધ્યે વસતા સમજણથી મોટેરા પાકા હરિભક્તોમાં વિપ્ર નથુરામ ભટ્ટ અને દામોદર પટેલને ભૂલાય તેમ નથી. એમાંયે દામોદર ભક્તનું સેવાનું અંગ તો ઉડીને આંખે વળગે તેવું છે. આમ તો દામોદર ભક્ત સાધારણ કુટુમ્બના પણ અસાધારણ ભક્તિ ભર્યું જીવન જીવતા. દામોદર ભક્ત ડાકોરના ભક્ત બોડાણાનો બીજો અવતાર કહેવાતા. વર્ષે, થોડાક મહિના કામ કરી કુટુમ્બ અને વ્યવહાર ચાલે તેટલું કમાઈ લેતા. શ્રીજી મહારાજ અમદાવાદ પધારતા તે વખતે કામકાજ, કુટુમ્બ, વ્યવહાર, વ્યવસાય છોડી મહારાજની સેવામાં લાગી જતા. આમ ત્રીસ વર્ષ લાગ લગાટ મન દઈ શ્રીજી મહારાજ, સંતો અને સંપ્રદાયની સેવા કરી. કોઈ પણ જાતની શરમ વગર, મોટાઈ વગર, સારી-ખોટી સેવાનો સંકોચ રાખ્યા વગર હર્ષભેર શ્રીજી મહારાજની આજ્ઞામાં રહી જીવન ગુજાર્યું.

સાદો સરળ સ્વભાવ હતો. સંતોના સમાગમથી નિષ્ઠાવાન સત્સંગી થયા.મહારાજના પડતા બોલ ઝીલી લેતા, કથા, વાર્તા, દર્શનનો મહિમા જાણી હંમેશા હેતપૂર્વક સત્સંગમાં જોડાયેલા રહેતા. એમની કોઠા સૂઝ આવડત, રમૂજી સ્વભાવ અને પારદર્શક વાણી મહારાજને ખૂબ ગમતી. જેના ફળ સ્વરૂપે શ્રીજી મહારાજને દામોદર ભક્તની સેવા અને સાંનિધ્ય ગમતું.

વિપ્ર નથુરામ ભટ્ટ ઉત્તમ કોટીના જ્ઞાની, વિદ્વાન, બ્રાહ્મણ સાથેના સમાગમના ફળ સ્વરૂપે દામોદર ભક્ત, જ્ઞાન, ઉપાસના અને મહિમા જેવા ગુણોથી રંગાયેલા હતા. નથુરામ ભટ્ટ સાથે જ્ઞાન ગોષ્ઠિના કારણે તેઓ એ સદ્‌ગુણોથી સેવાના સંગમાં પરિપક્વ થયેલા. ઉંમરમાં નથુરામ વિપ્રથી નાના હોવા છતાં શ્રીજી મહારાજની સર્વોપરિતાની સમજણ ખૂબ હતી. જેને લઈ નથુરામને મહારાજની મોટપનો નિશ્ચય દામોદર ભક્તે કરાવેલ, જેને લઈ શ્રીજી મહારાજ દામોદર ભક્ત ઉપર ખૂબ રાજી રહેતા. સુરા ખાચર જેવો સખા ભાવ શ્રીજી મહારાજ દામોદર ભક્ત સાથે રાખતા. વળી, દામોદર ભક્ત પણ મહારાજને રાજી રાખવા હંમેશ તત્પર રહેતા.

એક વખતની વાત છે. શ્રીજી મહારાજની આંખમાં કણો પડ્યો. ખૂબ દુઃખવા લાગ્યું. આંખમાં ખટકવા લાગ્યું. આંખમાં લાલાશ થઈ આવી. મહારાજને કષ્ટ પડવા લાગ્યું. આ જોઈ બે, ત્રણ, હરિભક્તોએ કણો આંખમાંથી કાઢવાનો પ્રયત્ન કર્યો. પણ કણો આંખમાંથી નીકળ્યો નહી. એ સમયે દામોદર ભક્ત ત્યાં આવી ચઢ્યા. મહારાજની સ્થિતિ જોઈ કહેવા લાગ્યા મહારાજ ! આવું કામ તો મને સરસ આવડે છે. અબ ઘડીમાં સરસ રીતે આ કણો વગર તકલીફે કાઢી નાંખું, બસ, મહારાજ ! સેવકને આજ્ઞા કરો. તુર્તજ, શ્રીજી મહારાજની આંખની પાંપણ ઉથલાવી હાથથી ઉંચી કરી દામોદરે ચતુરાઈ પૂર્વક પોતાના જીભના ટેરવે ઝડપભેર કણો કાઢી નાખ્યો.

શ્રીજી મહારાજની આંખ હળવી થઈ દુઃખાવો ઓછો થયો. રાહત થઈ. ધીરે ધીરે રતાશ પણ ઓછી થવા લાગી. પછી શ્રીજી મહારાજ બોલ્યા, દામોદર તમે તો બહુ સરસ કામ કર્યું. પણ તમે મારી આંખ અભડાવી એનું શું ? ત્યારે દામોદર ભક્ત કહે હે જગતના નાથ ! જગત અભડાય પણ ''પરબ્રહ્મ તે વળી અભડાતા હશે'' ! આંખમાં કણો ઉંડો ઉતરી ગયો હતો. મેં ના કાઢ્યો હોય તો આપને ખૂબ દુઃખત વળી ઉંઘ પણ ના આવત, વેદના થાત, એટલે ના છૂટકે આમ કરવું પડ્યું. વળી દામોદર ભક્ત કહે મહારાજ ! આ લોકમાં આવી મદદ બીજાને કરીએ તો બક્ષિસ મળે વાહ વાહ થાય રાજી થઈ વળી ઈનામ પણ મળે.

આપ ! તો ખોટ કાઢો છો. આવું કહેશો તો ફરી કોઈ કેમ મદદ કરશે ? દીનાનાથ !

દામોદર ભક્તની પ્રેમસભર મીઠી ફરિયાદની મર્મભરી વાતોથી મહારાજ ખૂબ રાજી થયા. મલકાતા મુખે સ્વહસ્તે મોટી માત્રામાં પ્રસાદ દામોદર ભક્તને આપ્યો. દામોદર ભક્તે આ પ્રસાદ સર્વ હરિભક્તોમાં વહેંચ્યો. પછી બે હાથ જોડી વિનયપૂર્વક દામોદર ભક્ત બોલ્યા.

હે ! મહારાજ ! કેવળ પ્રસાદથી પતાવાનું નથી અમે જેમ તમારું કામ કર્યું એમ આપે પણ અમારું કામ કરી આપવું પડશે.

ત્યારે મહારાજ ! બોલ્યા, હે દામોદર અમે તો જગત આખા ના કામ કરવા તો આવ્યા છીએ. અને તમે તો અમારું કામ કર્યું છે. બોલો શું કરીએ ? ત્યારે દામોદર ભક્ત કહે.

હે ! સર્વના કારણ : દયાસિંધુ ! કૃપાનાથ ! અમારી હૃદય રૂપી આંખોમાં માયારૂપી અનેક કણા પડેલા છે. જે ખૂબ વેદના કરનારા છે. મોટપ, અહંમ, મમત્વ રૂપી કણા આપને ભજવામાં વિઘ્નરૂપ બને છે. ખટક્યા કરે છે. જીવતરને વિષરૂપ કરે છે. અહંકારી બનાવી આ કણા, જીવતરનો મોક્ષ બગાડે છે. એટલે આ જીવતર ન બગાડે એટલું જોતા રહેજો. આપની અમી દ્રષ્ટિ અને કૃપા વગર એ કણા નીકળે તેમ નથી. અજ્ઞાનતા અણસમજણ ટાળી સુખીયા કરજો. ભક્ત દામોદરની સમયોચિત, આ પ્રકારની પ્રાર્થનામાં વિનય, વિવેક, વિનમ્રતા જોઈ મહારાજ ખૂબ રાજી થયા.

દામોદર ભક્તના હાથ પકડી મહારાજ બોલ્યા હે ભક્ત ! તમારી બધી જવાબદારી અમારી હતી, છે અને રહેશે. તમે તો સેવામાં પણ નિપૂણ છો અને માંગવામાં પણ નિપૂણ છો. એમ કહી પોતાના કંઠમાં પહેરેલો પુષ્પહાર દામોદર ભક્તના ગળામાં પહેરાવી દીધો. આમ ભક્તને શ્રીજી મહારાજે ખૂબ રાજી કર્યા.

(અનુ. પેજ નં. ૬ નું ચાલુ)

અન્ન ખાય તો તેમાં રહેલા પાપો ને ખાઈ રહ્યા છે. એમ જાણવું એવો પુરાણોનો સિધ્ધાંન્ત છે. ધાન્ય ને અન્ન કહેવામાં આવેલુ છે. નિરાન્ન એટલે ઉપવાસ. જે વ્યક્તિ અન્નનો ત્યાગ કરે તે ઉપવાસી કહેવાય.

વળી એક બહુજ ભયાનક વાત કહી છે કે, એકાદશીના દિવસે ધાન્યમાં પ્રેતાત્માઓનો વાસ થાય છે. મલિન આત્માઓ અન્નના માધ્યમથી ખાનારના શરીરમાં પ્રવેશ કરી જાય છે. આપણે જોઈએ છીએ કે કોઈ મનુષ્યનું ઉર્ધ્વકર્મમાં પિંડ જે બનાવવામાં આવે છે તે ચોખા અને જવના લોટમાંથી બને છે. મૃતાત્મા પિંડમાં આવીને તે સત્‌કાર્યનો અંગીકાર કરે છે. એકાદશી સિવાયના દિવસોમાં અન્નનું પ્રેતાત્મા થકી બ્રહ્મદેવ રક્ષણ કરે છે. પાપી પ્રેતાત્માઓના પ્રવેશના કારણે એકાદશીના દિવસે અન્નમાં પાપ રહેલું છે એવું કહેવામાં આવ્યું છે. પાપીનો જેમાં પ્રવેશ હોય તે પાપ જાણવું. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્યપ્રકરણના આઠમાં વચનામૃતમાં સ્વમુખે એકાદશીનો કથા મહિમા કહેલો છે. અને શિક્ષાપત્રી શ્લોક ૭૯-૮૦ માં એકાદશીનું વ્રત આદર થકી કરવું એવી આજ્ઞા કરી છે.

એક સુક્ષ્મ વિદ્યાન જાણવા જેવું. અન્નમાં જળનો વિશેષ ભાગ હોય છે. ચંદ્રદેવ જળ પદાર્થો ઉપર વિશેષ પ્રભાવ પાડે છે. એકાદશી તિથિનો ચંદ્રજળના વિશેષ ભાગવાળા પદાર્થને વિપરિત અસર કરે છે. એકાદશી તિથિના દિવસે ધાન્ય ચંદ્રદેવના દોષ યુક્ત બને છે. જે દોષ માણસના સ્થૂળ શરીર અને સુક્ષ્મ શરીરને પ્રદૂષિત કરી શકે છે. જે માણસ પકાવેલ ધાન્યનું ભોજન કરે તેનું મન બુદ્ધિ અને શરીર દોષિત બની જાય છે. જે આરોગ્ય અને આધ્યાત્મિક ઉપર બહુ ખરાબ અસર પાડે છે.

**ફાગણ સુદ-૧૫ (પૂનમ)**
**સત્સંગ સભાના યજમાનશ્રી**

અ.નિ. ઈશ્વરભાઈ શંકરભાઈ ભૂલાભાઈ પટેલ, અ.નિ. વિક્રમભાઈ ઈશ્વરભાઈ પટેલ - હ. જીગરભાઈ વિક્રમભાઈ પટેલ, નિકશ, પ્રિશા, જેલિન - રામદાસબાપા પરિવાર (ઉનાવા)

**ફૂલદોલોત્સવના યજમાનશ્રી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અ.નિ. રમણભાઈ શંકરભાઈ ભૂલાભાઈ પટેલ, સંજયભાઈ રમણભાઈ પટેલ, કેતનભાઈ રમણભાઈ પટેલ, મયુરભાઈ રમણભાઈ પટેલ, આદર્શ - રામદાસ બાપા પરિવાર (ઉનાવા)

**ધજાના યજમાનશ્રી**

પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ફેનિલ (રાજા) મયુરભાઈ રમણભાઈ પટેલ, સ્મિત (નિલુ) કેતનભાઈ રમણભાઈ પટેલ - રામદાસબાપા પરિવાર (ઉનાવા)





જેતલપુર મંદિરના ૧૯૮મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



જેતલપુર દેવ સરોવરના નવીનીકરણનું ખાત મુર્હૂત કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ભાઉપુરા મંદિરના ૧૬માં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





બાકરોલ મંદિરના ૧૬માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





ચરાડવા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં યજમાન પરિવાર સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સીનસીનાટી (અમેરિકા) નૂતન મંદિરનું ખાત મૂર્હુત કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને દર્શનનો લાભ લેતા હરિભક્તો



કોલોનિયા(અમેરિકા) મંદિરમાં ઠાકોજીની આરતી ઉતારતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



બોલીંગગ્રીન (અમેરિકા) મંદિરમાં ઠાકોજીની આરતી ઉતારતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી






પ.પૂ.લાલજી મહારાજશ્રીના ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમ્યાન સીડની, બ્લેકટાઉન મંદિરના ૧૯મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને બાળકો સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રી





મલબોર્ન બોરોનીયા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા અને યુવકો સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રી





સિડની કીંગ્સપાર્ક મંદિરમાં સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



મેલબોર્ન ડેરીમટ પ.પૂ.લાલજી મહારાજશ્રી નું સ્વાગત સામૈયુ



મેલબોર્ન ડેરીમઢ મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી




કાંકરિયા મંદિરના પાટોત્સવ પ્રસંગે બાળ સ્વરૂપ હનુમાન દાદાનો અભિષેક કરતા અને સભામાં આશીરર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




નટવરગઢ (મૂળી પ્રદેશ) મંદિરના ૨૦માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



હળવદ બહેનોના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



હળવદ મંદિર (જૂનું ટાવરવાળુ) ના ૧૮૦માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની
આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



નારણપુરા મંદિર અન્નકૂટ દર્શન



હિંમતપુરા મંદિરનાં ૫માં પાટોત્સવ પ્રસંગે રાત્રી પારાયણ

શ્રી સ્વામિનારાયણ

# ભગવાનના ત્રણ ગૂઢ સંકલ્પો : દેવ, આચાર્ય, શાસ્ત્ર

- (દિલીપ ખીમજી હાલાઈ - લડંન યુ.કે.)

શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર પોતાના જીવન કાળ દરમિયાન અગણિત આત્માઓને મોક્ષ આપ્યો છે. આમ આપણને શીખવાડ્યું છે કે મોક્ષ એ જીવનમાં સરળ અને શક્ય છે. પરંતુ એક સ્થાન પર ભગવાને પોતાની જાતને પૂછ્યુ છે, ''જ્યારે હું અક્ષરધામ પાછો જઈશ ત્યારબાદ મારા અનુયાયીઓ કેવી રીતેમોક્ષ પ્રાપ્ત કરશે ?'' આ એ જ ક્ષણ છે જયારે ભગવાને પોતાના ત્રણેય સંકલ્પો પૂર્ણ કરવાનો નિર્ણય લીધોઃ દેવ, આચાર્ય અને શાસ્ત્ર. અને આ બાબત ખૂબ ચોકસાઈપૂર્વક સત્સંગિ જીવન ધર્મગ્રંથમાં નોંધાયેલ છે જે નીચે મુજબ છે :

निवसंस्तत्र भगवानेकदा विजने स्थितः ।
व्यचिंतयत्समनसास्वावतार प्रयोजनम् ।।१।।
अंतर्हिते मयि भुवोभक्ता एतेतुमच्छ्रिताः ।
निरालंबा भविष्यंतिकार्यं किंचिच्चतत्कृते ।।८।।
एवं विचार्य्य भगवान्प्रतिमा आत्मनो भुवि ।
प्रतिष्ठापयितुंत्यैछन्मंदिराणि विधाप्यसः ।।९।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૪ અધ્યાય-૨૪ શ્લોક ૧,૮, ૯)

**દેવ :**

कारयित्वा मंदिराणि तत्र स्वप्रतिमा अहम् ।
स्थापयेयततस्ताश्च सेविष्यंते हि मानवाः ।।१०।।
स्वधर्मे वर्तमानानां पुंसां तत्सेवनादिह ।
सिद्धिमेष्यति सर्वेषां पुरुषार्थ चतुष्टयम् ।।११।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૪ અધ્યાય-૨૪ શ્લોક ૧૦-૧૧)

**આચાર્ય :**

भक्तिमार्गस्य पुष्ट्यर्थं मंत्रदीक्षाप्यपेक्षते ।
अतो धर्मान्वये श्रुद्धे गुरुतां स्थापयेय च ।।१२।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૪ અધ્યાય-૨૪ શ્લોક ૧૨)

**શાસ્ત્ર :**

धर्मज्ञानविरक्तीनां भक्तेश्चावगमायतु ।
ग्रंथं कर्त्ताशतानंदोमच्चरित्रोपवृंहितम् ।।१३।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૪ અધ્યાય-૨૪ શ્લોક ૧૩)

सिद्धांतं सर्वशास्त्राणां तेनज्ञास्यंति मच्छ्रिताः ।
एवमेव ततः कृत्वायायां धामस्वकं भुवः ।।१४।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૪ અધ્યાય-૨૪ શ્લોક ૧૪

ભગવાન સ્વામિ નારાયણ આ ત્રણેય સંકલ્પોનું મહત્વ વારંવાર યાદ કરાવેલ છે :

मया धृतोऽवतारोऽयं यदर्थं तदशेषतः ।
कार्यं कृतं भूतलेऽत्र न किञ्चिद्दवशेषितम् ।।२।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૫ અધ્યાય-૬૮ શ્લોક ૨)

विधाप्य मन्दिराण्यत्र स्वाश्रितानां सुखाय च ।
स्थापिता मूर्तयः स्वस्य नरनारायणादयः ।।११।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૫ અધ્યાય-૬૮ શ્લોક ૧૧)

भक्ति मार्गप्रवृत्त्यर्थं धर्मवंश्यद्विजेषु च ।
आचार्यता स्थापिताऽथ दीक्षारीतिः प्रवर्तिताः ।।१२।।

(સત્સંગિ જીવન પ્રકરણ-૫ અધ્યાય-૬૮ શ્લોક ૧૨)

सदाचार प्रवृत्त्यर्थं स्वाश्रितेषु प्रवर्तिता ।
सर्वसच्छास्त्रसारो हि शिक्षापत्री मया भुवि ।।१३।।

(સત્સંગિ જીવન પ્રકરણ પાંચ અધ્યાય-૬૮ શ્લોક ૧૩)

આપણો સંપ્રદાય અવારનવાર પ્રત્યક્ષ સંપ્રદાય તરીકે પણ ઓળખાય છે કે જ્યાં ભગવાન હંમેશા આપણી વચ્ચે હાજર જ હોય છે. જોકે ભગવાન એ આ ત્રણેય સ્વરૂપમાં જોવા મળે છે. આ ત્રણેય એકબીજાના પૂરક છે અને જાણે કે પિરામિડના ત્રણ પાયા છે.

આ એવા મજબૂત પાયા છે કે જે આપણા સંપ્રદાયને સાતત્ય અને મજબૂતાઈ પ્રદાન કરે છે અને એ જ રીતે આપણો સંપ્રદાય દિવસે અને દિવસે આગળ વધતો રહેશે પ્રગતિ કરતો રહેશે. માત્ર જરૂરિયાત છે આપણા શ્રી નરનારાયણ દેવ, ધર્મકુળ અને શિક્ષાપત્રી, સત્સંગિજીવન, વચનામતૃ જેવા શાસ્ત્રો પ્રત્યે આપણી સંપૂર્ણ શ્રદ્ધા અને વફાદારીની. જેથી કરીને આપણા જીવનમાં મોક્ષ પ્રાપ્ત થાય અને અક્ષરધામમાં આપણને સ્થાન મળે. હમણાં જ થોડા સમય પહેલા પર્વ ઉત્સવ દરમિયાન આ ત્રણેય સંકલ્પોનું એક સાથે દર્શન આપણને થયું કે જે આપણને આપણા ભગવાનના સંકલ્પો (દેવ, આચાર્ય અને શાસ્ત્ર)નાં મહત્ત્વની યાદ દેવડાવે છે.

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

આપણા મ્યુઝિયમનો ૧૩ મો વાર્ષિકોત્સવ હાલમાં ફાગણ સુદ-૩ ને તા. ૧૨-૩-૨૦૨૪ ને મંગળવારે દર વર્ષની જેમ ધામધૂમથી ઉજવાઈ ગયો. આ વર્ષે પાંચ-પાંચ મુખ્ય યજમાને લાભ પ્રાપ્ત કર્યો હતો. બપોરે ૨-૦૦ કલાકે નિર્ધારિત સમયે લગભગ સો મહાપૂજાના પાટલાના યજમાનો ધીમે ધીમે મ્યુઝિયમ તરફ આવવા લાગ્યા અને બરાબર ૩-૦૦ કલાકે મહાપૂજા તથા શ્રી નરનારાયણદેવના અભિષેકની વિધિ ચાલુ થઈ. ભુદેવો દ્વારા થતા મંત્રોચ્ચારથી આઠ નંબરના હોલની દિવ્યતામાં અનેરો વધારો અનુભવાતો હતો. સાંજે ૫-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારી પૂર્ણાહુતિની આરતી ઉતારી તે સમયે ત્યાં હાજર સૌ એ અનેરો રોમાંચ અનુભવ્યો હતો. ત્યારબાદ ૧૨ નંબરના હોલમાં સંતોના અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચન બાદ યજમાનોનું યથાયોગ્ય સન્માન કરાયું હતું અને ત્યારબાદ સંતો હરિભક્તો એ મહાપ્રસાદ ગ્રહણ કરી આવતા વર્ષના પાટોત્સવની અધિરાઈ અનુભવવા લાગ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-માર્ચ-૨૦૨૪

| | |
|---|---|
| તા. ૦૧-૦૩-૨૦૨૪ | ખ્વાઈસ અનુંજભાઈ પટેલ - નવરંગપુરા - જન્મ દિવસ નિમિત્તે. |
| તા. ૦૯-૦૩-૨૦૨૪ | પ.ભ.શ્રી વનિષાબેન કાંતિભાઈ હાલાઈ - યુ.કે. |
| તા. ૧૨-૦૩-૨૦૨૪ | મ્યુઝિયમના ૧૩ મા વાર્ષિક ઉત્સવ સમૂહ મહાપૂજા -<br>હસ્તે (૧) પ.ભ.શ્રી ઘનશ્યામભાઈ કુબેરભાઈ પટેલ - વિહારવાળા<br>(૨) પ.ભ.અ.નિ. જટાશંકર પોપટલાલ શાહ પરિવાર - સેમિટ્રોનિક્સવાળા<br>(૩) પ.ભ.અ.નિ. તળશીભાઈ ગોવિંદભાઈ સાપરીયા - ઘૂડકોટ હા. સુરત.<br>(૪) પ.ભ.અ.નિ. રસિકભાઈ અંબાલાલ પટેલ - મોખાસણવાળા<br>(૫) પ.ભ.શ્રી કમલેશભાઈ એચ. શાહ - ઉસ્માનપુરા. |
| તા. ૧૭-૦૩-૨૦૨૪ | પ.ભ.શ્રી દિનેશ રવજી પિંડોરીયા - યુ.કે. |
| તા. ૨૦-૦૩-૨૦૨૪ | પ.ભ.શ્રી શનિ ડેનીભાઈ પટેલ - યુ.એસ.એસ.<br>પ.ભ.શ્રી મમતાબેન ડેનીભાઈ પટેલ પરિવાર - યુ.એસ.એ. |
| તા. ૩૧-૦૩-૨૦૨૪ | પ.ભ.શ્રી નરેન્દ્રભાઈ ભગવાનદાસ પટેલ - હિરાવાડી-બાપુનગર. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-માર્ચ-૨૦૨૪

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી માણેકભાઈ નારણદાસ પટેલ - કલોલ |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ.શ્રી અંબાલાલ સોમદાસ પટેલ - વડુ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી પ્રબોધિની એકાદશી જાગરણ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "કાયમ જાગતા રહેવાનું"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

અનંત જન્મથી ભટકી ભટકીને થાકી ગયા છીએ. અને જ્યાં જવું છે ત્યાં પહોંચી શક્યા નથી. પહોંચવા માટેના પ્રયત્નો ચાલું જ છે, માટે અહિંયા બેઠા છીએ. એવી આપણી સ્થિતિ છે. અને તમે બધા શૂરવીર ભક્તો છો એટલે નિયમિત સભામાં આવો છો. ચાર પ્રકારના ભક્તો હોય છે. 'તામસી', 'રાજસી', 'સાત્વિક' અને 'નિર્ગુણ'. જ્યારે સત્યુગ ચાલતો હતો ત્યારે તામસી ભક્તો ઓછા હતા. અત્યારે કળિયુગ ચાલે છે. તો કળિયુગમાં તામસી ભક્તો વધારે હોય છે. તામસી ભક્તોના લક્ષણો કેવા હોય છે ? તો તામસી ભક્તોમાં દંભ વધારે જોવા મળે છે. દંભ એટલે દેખાવ કરવા માટે ભજન કરતા હોય છે. મંદિરે દર્શન કરવા આવે તો એવી ઈચ્છા રાખે છે કે લોકો એમને જોવે કે મંદિરે આવે છે. બીજું તામસી ભક્તો ફરિયાદી હોય છે.ભગવાન પાસે આવે એટલે કાંઈને કાંઈ ફરિયાદો ચાલું થઈ જ જાય છે. તો એ ફરિયાદ ચાલું કેમ થઈ જાય છે. તો પોતાના અહ્‌મનો ત્યાગ નથી કરી શકતા માટે ફરિયાદો ચાલુ થઈ જાય છે. પણ ભગવાનને એવા ફરિયાદી ભક્તો ગમતા નથી.

બીજો પ્રકાર છે. રાજસી ભક્તો, રાજસી ભક્તોને જગત સંબંધી વસ્તુની પ્રાપ્તિની ઝંખના હોય છે. માટે જગતમાં બંધાઈને રહે છે. અને રાજસી ભક્તોને ભગવાન પ્રત્યે પણ સંપૂર્ણ નિષ્ઠા હોય છે. પરંતુ ભગવાનના ભક્તો અને સંતો માટે આદરભાવ નથી હોતો અને ભગવાન પાસે જગત માંગે છે. એટલે સંપૂર્ણ નિષ્ઠા હોવા છતાં ઉચ્ચ શ્રેણીમાં આવતા નથી. એવા ભક્ત ભગવાનને પ્રિય નથી હોતા.

ત્રીજા પ્રકારના  ભક્તો છે સાત્વિક. તો સાત્વિક ભક્તો હોય છે તે પોતાના દ્વારા થયેલા કર્મોનો શ્રેય ભગવાનને આપે છે. અને તે કાર્યો ભગવાનના ચરણોમાં અર્પણ કરી દે છે. ભગવાનની કૃપાથી દયાથી બધુ થયું છે. ભગવાન મારા હૃદયમાં બિરાજમાન છે અને ભગવાને મને પ્રેરણા કરી માટે મારાથી સારા કાર્યો થયા, એવી ભાવના રાખે છે, તેવા સાત્વિક ભક્તો ભગવાનને પ્રિય હોય છે, પણ અતિ પ્રિય નથી હોતા.

અને હવે આવે છે નિર્ગુણ ભક્તો. તો નિર્ગુણ ભક્તો ભગવાનને અતિ પ્રિય હોય છે. નિર્ગુણ ભક્તોના લક્ષણો કેવા હોય છે. તો તેમને ભગવાન સિવાય બીજુ કાંઈ ગમતું જ નથી. ભગવાન જે કાંઈ આપે એમાં સંતોષ માની લે છે. ભગવાન સામે ક્યારેય કાંઈ પણ ફરિયાદ નથી કરતા એમના મનમાં એક જ ભાવના હોય છે અને વારંવાર એક જ વિચાર આવે છે કે **મારાથી એવા કોઈ કાર્યો ના થઈ જાય કે ભગવાન મારાથી દૂર થઈ જાય. મારા લીધે મારા ભગવાનને નીચું ના જોવુ પડે. સતત એવો જ ભાવ હોય છે.**

અહિંયા એક વાત યાદ આવે છે કે એક મુસ્લિમ ભક્ત હોય છે. આર્થિક રીતે કમજોર હતા. મંદિરની બહાર કચરો વાળવાનું કામ કરતા હોય છે. તો એમને મંદિરના દરવાજા બહારથી રોજ કચરો વાળવાનું થાય એટલે રોજ દૂરથી ભગવાનના દર્શન કરે. એક દિવસ પણ ભગવાનને જોયા વગર ના રહે. તેમને સંતાન ન હતું. એમના પત્ની દરરોજ એમને અપશબ્દ બોલે કે તમે અલ્લાહ પાસે કાંઈ માગ્યું નહિ. તમને અલ્લાહમાં શ્રધ્ધા નથી. અને રોજ મંદિરના દર્શન કરો છો એટલે આપણને આ દુઃખ આવ્યું. તે મુસ્લિમ ભક્તમાં બધા સારા લક્ષણો. નિર્ગુણ ભક્ત જેવા હતા. તેથી પોતાની પત્ની ભગવાન માટે 'અપશબ્દ' બોલતી હતી તે તેમનાથી સહન થતું નહિ. એમણે એક દિવસ ભગવાન પાસે માગ્યું. પણ એવી રીતે માગ્યુ કે આને એક સંતાન આપી દો એટલે એનું મોઢું બંધ થઈ જાય. અર્થાત્ **આપના માટે 'અપશબ્દ' ના બોલે. આપના માટે 'અપશબ્દ' બોલે છે તે મારાથી સહન થતું નથી.** ભગવાને તેને સંતાન સુખ આપ્યું બધા રાજી થયા અને તે મુસ્લિમ ભક્ત પણ રાજી થયા. **કેમ ? તો એ ભક્ત એટલા માટે રાજી થયા કે હવે મારા પત્ની મારા ભગવાન માટે 'અપશબ્દ' નહિ બોલે.** તો કહેવાનો અર્થ છે કે જે નિર્ગુણ ભક્ત છે તે વિપરિત પરિસ્થિતિમાં પણ ભગવદ્ કૃપા જુએ છે. દાખલા તરીકે જો આપણને આંખે દેખાતું ન હોય તો

આપણને એમ ફરિયાદ હોય છે કે 'ભગવાને મારી આંખો લઈ લીધી.' પણ નિર્ગુણ ભક્ત જો અંધ હોય છે. એ એવું વિચારે છે કે જેની પાસે આંખો છે એની બધી જવાબદારી એની પોતાની છે. એ પડી જાય તો એમ થાય કે આંખો હતી છતાં ધ્યાન ના રહ્યું, તો એનો પોતાનો વાંક કહેવાય ને ! તે 'સૂરદાસ' ભક્ત એમ વિચારે છે કે મારી પાસે આંખો નથી. એટલે **મારો હાથ પકડીને મને રસ્તો બતાવવાની જવાબદારી ભગવાને પોતાની પાસે રાખી છે. તો એ મારા માટે સારુ છે. એમ ગમે તે પરિસ્થિતિમાં 'નિર્ગુણ' ભક્તનું હૃદય વિચલિત થતું નથી.** તો આપણે એવા નિર્ગુણ ભક્ત બનવું છે. જે કળિયુગમાં અતિશય અઘરુ છે. એના માટે આપણા અંતરાત્માની સફાઈ રાખવી પડે. બધુ એકદમ નહિ થાય. કોઈ વસ્તુને સાફ રાખવા માટે રોજ સફાઈ કરવી પડે. કોઈ વસ્તુ કાટ લાગેલી હોય એને એક જ વખત સાફ કરીને મૂકી દેશો તો પાછો કાટ લાગી જશે તો રોજ સાફ કરવી પડે. એવી રીતે આપણને પણ ફક્ત આ જન્મનો નહિ પણ કેટલા જન્મનો કાટ લાગેલો છે તે પણ સાફ કરવો છે. અને ફરી પણ કાટ લાગવા દેવો નથી. તો રોજ થોડી થોડી સફાઈ કરવી પડે. દિવસમાં એક વખત બેસીને વિચારવાનું કે ના જોઈતી કેટલી વસ્તુ આપણી અંદર છે. કચરો હોય એ બધુ કાઢવું પડે. જો તમે કપડા ધોવા બેસો તો કપડાની ગંદકી સાફ કરવા માટે ચોખ્ખું પાણી જોઈને ? કચરાવાળું ગંદુ પાણી હોય અને એમાં કપડા ધુઓ તો શું થાય ? પાણીમાં રહેલી ગંદકી પણ કપડા ઉપર આવી જાય તો વધારે ગંદા થાય. **એવી રીતે નિષ્ઠા ચોખ્ખી ના હોય તો એવું જ થાય. ભગવાનની આજ્ઞામાં નથી રહેવાતું એ ચોખ્ખી નિષ્ઠા ના કહેવાય. એમ સાચી નિષ્ઠા પણ એક સાધન છે ભગવાન સુધી પહોંચવાનું.** જેવી રીતે માળા પણ એક સાધન છે સાધ્ય સુધી પહોંચવાનું. ભગવાન સાધ્ય છે. તો ધ્યાન રાખવાનું કે સાધનમાં અટકી ના જવાય. સાધ્ય સુધી પહોંચવાનું છે. તમે માળા એવી તન્મયતાથી કરો કે માળા હાથમાંથી છૂટી જાય તો પણ શ્વાસમાં રટના ચાલુ જ રહે પ્રયત્ન કરવો ના પડે. સાધન છૂટ્યા પછી પણ અંતરમાંથી પ્રભુ સ્મરણ છુટે નહિ. એવી રીતે કાયમ માટે જાગૃત રહેવાનું એનો મતલબ એવો નથી કે રાત્રે પણ બેઠા રહો. પણ કહેવાનો મતલબ છે કે ખટકો રાખવાનો. ખટકો હોય તો તરત ઉંઘ ઉડી જાય છે. ઘરમાં ધ્યાન રાખીએ છીએ ને કે રાત્રે કોઈ ચોર આવીને ભેગી કરેલી સંપત્તિ લૂંટી ન જાય. એટલા માટે બધા ઉપાયો કરીને ખટકો રાખીએ છીએ. એવી રીતે આપણા અંતરાત્મામાં જે સાધનો રૂપી ખજાનો ભેગો કર્યો છે. અર્થાત્ મહેનત કરીને જે સદ્‌ગુણો જીવનમાં કેળવ્યા છે તેને આવીને કોઈ લૂંટી ન જાય. **માયા એ ચોર છે. વેશ બદલીને ક્યારે આવે એને તમે ઓળખી પણ ના શકો એ રીતે લૂંટી જાય છે.** આપણે જાગતા હોય તો ચોર સામે લડવાનો પ્રયત્ન કરી શકીએ. એની પાસે હથિયાર હોય અને તમારા પાસે હથિયાર ન હોય તો ના લડાય. વિરોધ નહિ કરી શકો. જે લઈ જાય એ જવા દેવું પડે. તેવી રીતે માયા એ એક ચોર છે. માયારૂપી ચોરી એટલે કામ, ક્રોધ, લોભ, મોહ વિગેરે તેની સામે લડવા માટે તમારી પાસે પણ હથિયાર હોવા જોઈએ. દા.ત. લોભ છે. તો લોભની સામે લડવું હોય તો હથિયારરૂપે શું જોઈએ ? 'સંતોષ' સંતોષરૂપી હથિયારથી લોભની સામે લડી શકાય છે. 'લોભ' છોડવા માટે 'સંતોષ' રાખવાનો. ગમે તેટલું ભેગુ કરો. બધુ અહિંયા જ રહી જવાનું છે. બધુ છૂટી જવાનું છે. ઝાકળ જેવું છે. એક પવનનો સૂસવાટો આવે તો બધા ઝાકળબિંદુ ઉડી જાય. વિખરાઈ જાય. એમ ગમે ત્યારે છેલ્લો સમય આવશે તો બધુ છૂટી જશે. માટે કાયમ જાગૃત રહેવાનું. જગતના ચોર જોઈ શકાય છે. માયારૂપી ચોર ક્યારે લૂંટી જાય તેની ખબર પડતી નથી. છેલ્લો સમય આવે છે ત્યારે ખબર પડે છે કે શું જતું રહ્યું છે. ઘરમાં સામાન ભેગો કર્યો હોય તો આપણને એમ જ હોય કે બધુ જ છે. બરાબર છે. પણ ખાલી કરો છો ત્યારે ખબર પડે છે કે શું જતું રહ્યું ? એવી રીતે અત્યારે આપણને ખ્યાલ નહી આવે કે જે કાંઈ સદ્‌ગુણો કે ભક્તિરૂપી સાધન ભેગુ કર્યુ છે એમાંથી શું ઓછું થયું છે. જ્યારે શરીર છોડવું પડશે ત્યારે ખબર પડશે કે શું જતું રહ્યું ? પછી બીજો મોકો નથી મળતો. તો કાયમ માટે સાવધાન રહેજો. આપણા કેટલા મોટા ભાગ્ય છે. તો અહિંયા બેઠા છીએ. **કેટલી ઉત્તમ ભૂમિ છે. જ્યાં બેસીને આપણે 'ભજન' કરી રહ્યા છીએ. ભગવાનના ચરણનો સ્પર્શ કેટલી વખત આ ભૂમિ પર થયો છે. કેટલી પવિત્ર ભૂમિ છે. આ ભૂમિના લોકોને દર્શન કરવા નથી મળતા અને આપણને આખી રાત બેસવાની તક મળી છે. મહારાજે બાથમાં લઈને પધરાવેલા 'નરનારાયણદેવ' મળ્યા છે. એમના રોજ દર્શન કરવાની તક મળે છે. આનાથી વધારે બીજું શું જોઈએ ?** માટે જરૂર હોય એટલું જ ભેગું કરવાનું. **જેટલી જરૂર હોય એટલું રાખવું એ**

**અનાસક્તિ છે.** આસક્તિ વધારે એવું કામ ના થાય ત્યારે સમજવાનું કે આપણે પ્રગતિના પંથે છીએ. માટે ધ્યાન રાખજો જાગતા રહેજો.

●

**સ્વામિનારાયણનું ભજન**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ)

સંવત ૧૮૫૮ ના માગશર સુદ તેરશે રામાનંદ સ્વામીએ ફણેણીમાં દેહ ત્યાગ કર્યો. ભક્તજન શોકના સાગરમાં ડૂબી ગયાં. સહજાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીએ ભગવદ્‌ગીતાની કથા શરૂ કરાવી. મહારાજ રોજ કથા દરમ્યાન નિરૂપણ કરે. વાતો કરે, અગિયારમે દિવસે પારાયણની પૂર્ણાહૂતિ થઈ. વિપ્રોને દાન દીધાં, સૌને ભોજન કરાવ્યાં.

ચૌદમો દિવસ થયો. સંવત ૧૮૫૮ ના માગશર વદ એકાદશીનો દિવસ થયો. સૌ ભક્તોએ સહજાનંદ સ્વામીને એક જુદા સિંહાસન પર આગ્રહ કરી બેસાર્યા, બાજુમાં મુક્તાનંદ સ્વામી અને સર્વે સંતો બેઠા. સામે સર્વે હરિભક્તો બેઠા અને દૂર સ્ત્રીઓ બેઠી.

ધર્મશાસ્ત્રોને આધારે ધર્મ નિયમનો ઉપદેશ આપતાં સહજાનંદ સ્વામીએ કહ્યું, ''રામાનંદ સ્વામીએ મને તેમના સ્થાને બેસાર્યો છે. માટે હિતનાં વચનો કહુંછું તે સૌ ધ્યાનથી સાંભળજો અને જીવનમાં ઉતારજો.''

''ત્યાગી સાધુઓએ સત્ય, દયા, તપ, પવિત્રતા, દેહ દમન, અહિંસા, બ્રહ્મચર્ય, શાસ્ત્રોનું નિયમિત વાંચન, સેવા ત્યાગ, ઈંદ્રિયો જીતવી. આત્મારૂપ રહેવું વગેરે સદ્‌ગુણો ધારણ કરવા.''

''ત્યાગી-ગૃહસ્થ સૌ હરિભક્તોએ પરમેશ્વરની ભક્તિ કરવી. મદ્યપાન ન કરવું. માંસાહાર ન કરવો. કોઈ જીવની હિંસા ન કરવી. આત્મઘાત ન કરવો. ચોરી ન કરવી. કોઈ જીવની હિંસા ન કરવી. આત્મઘાત ન કરવો. ચોરી ન કરવી. કોઈની માથે કલંક ન ચડાવવું. કોઈ દેવની નિંદા ન કરવી, વિમુખના મોઢેથી કથા ન સાંભળવી. અણખપતું ખાવું-પીવું નહિ.''

''ગૃહસ્થોએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સોળ સંસ્કારો પાળવા, પોતપોતાના ધર્મમાં રહેવું. વેદ, બ્રાહ્મણ, સાધુ. પતિવ્રતા અને વિદ્વાનને માન આપવું. ગાય, બ્રાહ્મણ અને ભગવાનના ભક્તને દુઃખવવા નહિ. દાન, ધર્મ અને નીતિ જીવનમાં રાખવાં. અહિંસા અને દયા પરાયણ રહેવું. આચાર, વિચાર અને ઉચ્ચાર આ ત્રણે શુધ્ધ અને ધર્મમય રાખવા.''

આવો અનેક પ્રકારનો ઉપદેશ ધર્મશાસ્ત્રોને આધારે સહજાનંદ સ્વામીએ કર્યો. સૌની વૃત્તિ તેમનામાં ખેંચાઈ ગઈ. શોક ટળી ગયો. સૌએ તેમનું પૂજન કર્યું. અને અનંત પ્રકારની ભેટ, સામગ્રીઓ તેમનાં ચરણોમાં મૂકી. આજથી સૌએ સહજાનંદ સ્વામીને 'શ્રીજી મહારાજ' એવા હુલામણા નામથી સંબોધન કરવાનું શરૂ કર્યું. આ દિવસે સહજાનંદ સ્વામીએ સૌને 'સ્વામિનારાયણ' નામનો મંત્ર આપ્યો અને તેનો મહિમા કહ્યો.

આમ ચૌદમાના દિવસથી 'સ્વામિનારાયણ' મંત્રની ધૂન કરાવી પોતાના સ્વરૂપનું ભજન શરૂ કરાવ્યું. 'રામકૃષ્ણ ગોવિંદ' ને બદલે હવેથી 'સ્વામિનારાયણ'નો જાપ શરૂ થયો.

શીતળદાસ નામે એક સન્યાસી ભગવાનની શોધમાં નીકળ્યો હતો. કોઈકે તેને કહ્યું, ''રામાનંદ સ્વામી સમર્થ સદ્‌ગુરુ છે. તેની પાસે જા. તેઓ તને પરમેશ્વરની પ્રાપ્તિ કરાવશે.'' તે ફરતો ફરતો ફણેણી આવ્યો, રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા છે. તેવા સમાચાર તેને મળ્યા તે હતાશ થઈ ગયો. તેણે પાછા ફરવાનો સંકલ્પ કર્યો. મહારાજે કહ્યું, ''આજ નો દિવસ રહી જાઓ. હું તમને રામાનંદ સ્વામીનાં દર્શન કરાવીશ. કાલે જવું હોય તો જજો.'' શીતળદાસ રોકાયો.

એજ દિવસો સહજાનંદ સ્વામીએ તેનો સ્વામિનારાયણના મંત્રનો જાપ કરવા કહ્યું. તે જાપ કરતાં શીતલદાસને સમાધિ થઈ. સમાધિમાં અક્ષરધામનું દિવ્ય સુખ માણ્યું. ધામમાં સિંહાસન પર મહારાજને બેઠેલા જોયા. રામાનંદ સ્વામી તેમને વંદન કરીને ઉભેલા દેખાયા. રામાનંદ સ્વામીએ કહ્યું. ''આ સહજાનંદસ્વામીમાં સર્વે અવતારો સમાયેલા છે તેઓ અવતારના પણ અવતારી અને સર્વના કારણ છે.'' જાગીને શીતળદાસે સૌને સમાધિમાં થયેલ દર્શન અને વાર્તાલાપની વાત કરી. તે મહારાજનાં ચરણોમાં પડી ગયો ને કહ્યું કે મને સાધુ કરો. મહારાજે તેને દીક્ષા આપી અને 'વ્યાપકાનંદ' એવું નામ આપ્યું.

●

### જળ એજ જીવન

- વીણાબેન નરેન્દ્રભાઈ ઠક્કર (બોપલ)

આજનો પ્રશ્ન - પાણી (Water)

સહારાના રણમાં તમારી પાસે હજારો ટન સોનું હોય તો તે નહી પણ પાણીની ફક્ત-૧ બોટલ તમારૂ જીવન બચાવે છે. છતાં આપણે પૃથ્વીને રણ પ્રદેશમાં ફેરવી રહ્યા છીએ. તો શું પાણી પૃથ્વી પરથી ગાયબ થઈ રહ્યું છે ? ના પૃથ્વી પર દસ અજબની વસ્તી થાય તો પણ ખૂટે નહી એટલું પાણી છે. પરંતુ તકલીફ એજ છે કે મનુષ્ય પૃથ્વી પરના પાણીનો યોગ્ય વહીવટ કરી શકતો નથી. ૪૦ વર્ષ પહેલા કોઈ વિચારતું પણ નહોતુ કે પાણી વેચાતુ મળશે. અને હવે તો દર ૨૨ માર્ચ એટલે કે 'વલ્ડ વોટર ડે' ઉજવવામાં આવે છે.

સામાન્ય રીતે એક માણસને એક દિવસમાં બેથી ચાર લિટર પાણીની જરૂર પડે છે. પરંતુ ક્યારેય મનમાં વિચાર્યું છે કે ૧ રોટલી, ૧ ચોકલેટ કે શાક બનાવવામાં કેટલું પાણી વપરાય છે ? જે વસ્તુ માનવી ખાય છે તેટલું જ પાણી ખાઈ છે. જે હકીકતમાં પાણી ખાતો નથી તેથી તેને 'વર્ચ્યુઅલ વોટર' કહે છે.

ખારા સમુદ્રને મીઠું બનાવવા માટે ખૂબ મોઘું છે. માટે સૌથી સારો ઉપાય પાણી બચાવવાનો છે. માત્ર ખાવાની ચીજો જ નહી પણ જીન્સ કપડા, પેન્સિલ, સ્માર્ટ ફોન વગેરેના કેટલાક તત્વો પાણીમાં કુદરતી રીતે આવ્યા હોય છે. તો કેટલાક ઔદ્યોગિક કચરો, નગરપાલિકાના કચરાના ખાડામાંથી જમીનમાં ઉતારેલું પાણી ટોઈલેટ વગેરેનો સેપ્ટિક ટાંકીઓ ભૂગર્ભમાં ગળી રહેલી 'ગેસ ટેન્ક' ખાતર અને જંતુનાશક દવાઓનો વધારો વપરાશ વગેરે દ્વારા જમીન નીચેના પાણીમાં ભળ્યા હોય છે. ઉંડું પાણી જેમ જમીનમાં વધારે ઉંડુ તેટલું જ તે વધુ ઝેરી હોય છે. તે ઝેર ખાદ્ય પદાર્થમાં ભળે છે.

સૌથી વધુ પાણી ખેતીવાડીમાં વપરાય છે. માટે હવે ડિજીટલ ઉપકરણો અને એપ્લિકેશનો સાથે જોડવામાં આવી છે જેથી જે છોડને જેટલી પાણીની જરૂરત હોય એટલું જ પાણી નિયમિત સમયે મળી શકે. ભૂગર્ભમાંથી વિજળીની મોટર વડે પાણી ખેંચવાનો ખર્ચ વધુ આવે છે. વધતી જતી વસ્તીને કારણે પાણીનો બચાવ થઈ શકતો નથી.

આપણા વડાપ્રધાને તાજેતરમાં ૨૦૨૪ સુધીમાં ઘેર ઘેર નળ દ્વારા પાણી પહોંચાડવાની યોજના કાર્યાન્વિત કરી છે. વ્યક્તિદીઠ રોજના ૪૩ થી ૫૫ લિટર પાણી પુરૂ પાડવાની સરકારની નેમ છે. તે માટે રાષ્ટ્રીય ફંડ ઉભું કરાશે જે 'રાષ્ટ્રીય જલજીવન કોષ' તરીકે ઓળખાશે.

જો માનવ પાણીને બચાવશે તો જ પાણી માણસને બચાવી શકશે. માટે સમજી-વિચારી સમયસર પાણીને પાણીને દરેક વ્યક્તિએ બચાવવું જરૂરી છે. પાણી વિના અનેક મુશ્કેલીઓનો સામનો જરૂર કરવો પડશે. માટે **Save Water.**

---

### ધર્મકુળની પધરામણી અંગે હરિભક્તોને અગત્યનું સૂચન

સર્વે હરિભક્તોને જણાવવાનું જે, આપને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની સત્સંગના કોઈપણ પ્રસંગની પધરામણીની તારીખ લેવા માટે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દર એકાદશી-પૂનમના રોજ પધારે ત્યારે જ આપના પ્રસંગની તારીખ, કાર્યક્રમ માટે રૂબરૂ મળીને સમય મેળવી લેવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ પૂ. મહારાજશ્રીના બંગલે શ્રીસ્વામિનારાયણ બાગ જવું નહીં. જેની સૌ હરિભક્તોએ ખાસ નોંધ લેવી.**

સંપર્ક : કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ● મો. : ૯૯૦૯૯૭૬૦૦૯

---

### પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણી અંગે અગત્યનું સૂચન

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણીની તારીખ લેવા માટે બહેનોએ કાલુપુર મંદિર હવેલીમાં સાંખ્યયોગી બહેનોનો સંપર્ક કરવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ શ્રીસ્વામિનારાયણ બાગ મેમનગર જવું નહીં. જેની સૌ બહેનોએ ખાસ નોંધ લેવી.**

---

# સત્સંગ સમાચાર

## અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તેમજ પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી ફાગણ સુદ-૨/૩ તા. ૧૨-૩-૨૦૨૪ ના રોજ અ.નિ.પ.ભ. શ્રી નવિનચંદ્ર હરિપ્રસાદ પાઠક (લંડન) પરિવારના યજમાનપદે ભરતખંડના અધિષ્ઠાતા દેવ શ્રી નરનારાયણદેવનો ૨૦૨ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો.

પાટોત્સવ અતંર્ગત તા. ૧૦-૩ થી ૧૨-૩ પર્યન્ત ત્રણ દિવસ સવારના સેશનમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્ર અંતર્ગત અમદાવાદમાં શ્રીહરિના લીલાચરિત્રોની કથા વિદ્યતવર્ય શા. સ્વામી સુવ્રતસ્વરૂપદાસજીના વક્તાપદે અને અ.નિ. જશુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટના સ્મરણાર્થે પ.ભ. ડૉ. મનોજભાઈ બ્રહ્મભટ્ટના (ડેટ્રોઈટ યુ.એસ.એ.)ના યજમાનપદે થઈ હતી. તા. ૧૧-૩ ના સવારે ૯ થી સાંજના ૫ કલાક સુધી શ્રીહરિયાગ યજ્ઞ થયો હતો.

તા. ૧૨-૩ ના સવારે ઠાકોરજીના પ્રારંભિક પૂજન પછી શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે શ્રી નરનારાયણાદિક દેવોનો ષોડશોપચાર મહાભિષેક થયો હતો. મહાભિષેક બાદ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના સાનિધ્યમાં પ્રાસંગિક સભા થઈ હતી. હવેલીમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ. શ્રીરાજા બિરાજ્યા હતા. ધર્મકુળ પૂજન ભેટ આરતી તથા કથા સમાપનની આરતી બાદ ધર્મકુળ તથા વરિષ્ઠ સંતોના હસ્તે નીચે મુજબનું પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી તૈયાર થયેલું નૂતન પ્રકાશનનું વિમોચન થયું હતું.

(૧) પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના માર્ગદર્શનથી આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી રચિત કીર્તનોનું સંગીત સાથે રેકોર્ડિંગ કરી ઓડિયો સ્વરૂપે પેન ડ્રાઈવ (૨) પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પથી મોટી ઉંમરનાને પણ સ્પષ્ટ રીતે વંચાય એવા મોટા અક્ષરોમાં લખાયેલ 'શિક્ષાપત્રી' (૩) અમદાવાદ શહેર પ્રસાદીભૂત સ્થાનોના નામ સરનામા તથા ટૂંકી માહિતીની પુસ્તિકા (૪) અમદાવાદ મંદિરની હેરિટેઝ અજાયબીની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં માહિતી પુસ્તિકા (૫) પ.ભ. જેઠાભાઈ સવાણી (લંડન) દ્વારા તૈયાર થયેલ અમદાવાદ મંદિર અને ગાદી સ્થાનની પ્રવૃત્તિઓ, સંસ્થાઓના પરિચયની અંગ્રેજી ભાષામાં પુસ્તિકા (૫) પ.ભ. ગોરધનભાઈ વી. સીતાપરા દ્વાર લખાયેલ 'સત્સંગ સેતુ' પુસ્તકની દ્વિતીય આવૃત્તિ.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી યુવાનો દ્વારા તૈયાર થયેલ **NND** ઓડિયો **APP** લોન્ચ કરવામાં આવી હતી. પ.ભ. ધીરજભાઈ ડી. રાબડીયા તરફથી પ્રાતઃ પૂજામાં રાખવા માટેની શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા શ્રી નરનારાયણાષ્ટકમ્ કાર્ડ જરૂરિયાતવાળા હરિભક્તોને આપવામાં આવ્યા હતા. મંદિરના હરિભક્તોના ઉતારા અને રસોડાના રિનોવેશનની વીડિયો ક્લિપ દેખાડવામાં આવી હતી. સોશિયલ મિડિયા ટીમના માર્ગદર્શક કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી, ૭ નવ દીક્ષિત સંતો, યજમાનશ્રીઓ તથા ફુલ મંડળીના સેવાભાવી હરિભક્તોનું યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું. પૂ. મહંત સ્વામી તથા ધામોધામથી પધારેલા વિદ્વાન સંતોના પ્રાસંગિક પ્રવચન બાદ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલનનું સુંદર કાર્ય પૂ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ સંભાળ્યું હતું.

સભાના અંતે અન્નકૂટ આરતી થઈ હતી. દરેક ભક્તજનો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. (કોઠારી શા. નારાયણમુનિદાસજી)

## વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવ સમક્ષ દ્રાક્ષ ઉત્સવ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી તેમજ ગઢપુરધામના પૂ. સ.ગુ. સ્વામી શ્રીજ્ઞાનજીવનદાસજી નાસિક તપોવન બ્રહ્મચાર્યાશ્રમ શ્રી સ્વામિનારાયણ મંદિર, શિષ્ય મંડળ તેમજ સેવક મંડળ તરફથી તા. ૭-૩-૨૦૨૪ ગુરુવાર મહા વદ-૧૨ ના રોજ શ્રી નરનારાયણદેવ સમક્ષ ભવ્ય દ્રાક્ષ

ઉત્સવ સંપન્ન થયો. જેના હજારો ભાવિક ભક્તોએ દર્શન કર્યા હતા.

**અસારવા વિર હનુમાનજી મંદિર સુંદરકાંડ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શુભ સંકલ્પથી પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત અસારવા શ્રી વિર હનુમાનજી સમક્ષ સમગ્ર ધર્મકુળની નિશ્રામાં તા. ૯-૩-૨૦૨૪ શનિવાર સાંજે ૫ થી ૭ સુંદરકાંડપાઠનું શ્રી સ્વામિનારાયણ વાડી અસારવા ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. હજારો સંત હરિભક્તો આ સુંદરકાંડ પાઠમાં જોડાયા હતા. છેલ્લે સૌને મહાપ્રસાદ જમાડવામાં આવેલ. આ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું.

**અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવ સમક્ષ સૂકા મેવાનો અન્નકૂટ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા શ્રી નરનારાયણદેવ સમક્ષ તા. ૧૦-૩-૨૦૨૪ રવિવારના રોજ ભવ્ય સૂકામેવાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેના યજમાન પ.ભ. શ્રેયા કિશોરભાઈ મેપાણી પરિવારે લાભ લીધો હતો. સવારે ૮-૧૫ થી સાંજના ૬-૩૦ સુધી શહેરના હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

**અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવ સમક્ષ ઘેવરનો અન્નકૂટ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા શ્રી નરનારાયણદેવ સમક્ષ તા. ૨૮-૩-૨૦૨૪ ગુરુવારના રોજ ભવ્ય ઘેવરનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેના યજમાન હરિૐ પરિવારે લાભ લીધો હતો. શહેરના હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

**અમદાવાદ મંદિરમાં ફાગણ સુદ-૧૫ ની સત્સંગ સભા-ફુલદોલોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે પ્રસાદીના સભામંડપમાં દર પૂનમે યોજાતી સત્સંગ સભા તા. ૨૫-૩-૨૦૨૪ ના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ પર્યન્ત પૂ. સ.ગુ. શા. સ્વા. સુવ્રતસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. હજારો હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. કલોલ મંદિરના મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજીએ સૌ ભક્તોને સુંદર લાભ આપ્યો હતો. આજની સભાના યજમાન અ.નિ. ઈશ્વરભાઈ શંકરભાઈ ભૂલાભાઈ પટેલ, અ.નિ. વિક્રમભાઈ ઈશ્વરભાઈ પટેલ, નિકશ, પ્રિશા, જેલિન (રામદાસ બાપા પરિવાર ઉનાવા), સભાનું સુંદર સંચાલન સ.ગુ. કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ**

આજે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો યોગ હોવાથી શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ તા. ૨૫-૩-૨૦૨૪ સોમવારના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ સમક્ષ શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ દ્વારા ભવ્ય ઓચ્છવની વચ્ચે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની જન્મ જયંતીની આરતી ઉતારીને ગુલાલના રંગોના છાંટણા હજારો હરિભક્તો ઉપર ઉડાડીને સભા મંડપમાં સુંદર શણગારેલા શમિયાણા ઉપર શ્વેત વસ્ત્રો, સાફો બાંધેલા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શહેર અને બહારગામથી પધારેલા લાખો હરિભક્તો જ્યાં કીડી પણ જગ્યા શોધવા ફાંફા મારે એટલી માનવમેદની આજે દર્શનાર્થે અને રંગોત્સવનો લાભ લેવા ઉમટ્યા હતા.

શ્રી નરનારાયણદેવની કૃપા અને ધર્મકુળ પ્રત્યેની નિષ્ઠાના દર્શન આજે જે જોવા મળ્યા તે તો ''ન ભૂતો ન ભવિષ્યતિ'' જેવા હતાં. ખરેખર અદ્‌ભુત ! અલૌકિક ! અરે મહાઅલૌકિક ફુલદોલોત્સવના દર્શન હતા. જે રહી ગયા તે પસ્તાયા. આજના ફુલદોલોત્સવ માટે શબ્દો ઓછા પડે. ફુલદોલોત્સવના યજમાન અ.નિ. રમણભાઈ શંકરભાઈ ભૂલાભાઈ પટેલ, સંજયભાઈ રમણભાઈ પટેલ, કેતનભાઈ રમણભાઈ પટેલ, મયુરભાઈ રમણભાઈ પટેલ, આદર્શ - રામદાસ બાપા પરિવાર (ઉનાવા).

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

## શ્રી સ્વામિનારાયણ મંદિર - સુઘડ (ગાંધીનગર) દશાબ્દી મહોત્સવ

પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પુનિત પર્દાવિંદથી પવિત્ર બનેલ, સાબરગંગાના પટાંગણમાં અમદાવાદ અને ગાંધીનગરના મધ્યે આવેલ સુઘડ ગામમાં પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપા સહ તથા અ.નિ. પૂજ્ય શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીના સંકલ્પ અને પ્રેરણાથી અને ભાવિક ભક્તજનોના તન, મન,ધનના સહકારથી નિર્માણ પામેલ શ્રીનરનારાયણદેવ તાબાનું સુઘડ, શ્રી સ્વામિનારાયણ મંદિરને દશ વર્ષ પૂર્ણ થતાં મંદિરનો દશાબ્દી મહોત્સવ પૂ.શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજીની પ્રેરણાથી તા.૧૫-૦૩-૨૦૨૪ ફાગણ સુદ-૬ શુક્રવાર થી ૧૭-૦૩-૨૦૨૪, ફાગણ સુદ-૮ રવિવાર સુધી ધામધૂમથી ઉજવવામાં આવ્યો. દશાબ્દી પાટોત્સવના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર સુઘડના મહિલા મંડળે સદ્ભાવ સમર્પણ કરીને ઉત્સવને વધુ યાદગાર બનાવ્યો.

તા. ૧૫, શુક્રવારે બપોરે નગરયાત્રાનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૬, શનિવારે ખૂબજ ભક્તિભાવ પૂર્વક હોમાત્મક મહાપૂજાયાગનું આયોજન થયું હતું. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પધાર્યા હતાં અને બહેનોને દર્શન તથા આશીર્વાદનો લાભ આપ્યો હતો.

શુક્રવાર અને શનિવાર બંને દિવસે રાત્રે પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીએ સત્સંગ વ્યાખ્યાનનો લાભ આપ્યો હતો. ગાંધીનગરના બાળકો તેમજ યુવાનોએ પણ કીર્તન, વચનામૃત, રાસ તેમજ રૂપકો દ્વારા સત્સંગનું જ્ઞાન મનોરંજન સાથે પીરસ્યું હતું.

તા. ૧૭ રવિવારે સવારે ઠાકોરજીનો કેસર જળથી વેદોક્તમંત્રો સાથે અભિષેક થયો હતો પછી અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી અન્નકૂટની આરતી ઉતારી હતી. આ પ્રસંગે આયોજીત સભામાં ધામોધામથી પધારેલ સંતોએ પણ આશીર્વચનનો લાભ આપ્યો હતો. પૂજયપાદ મહારાજશ્રીએ સભામાં આવનારી પેઢીના સુંદર ભવિષ્ય માટે અત્યારે આવા ઉત્સવ સમૈયા દ્વારા સત્સંગની જાગૃતિ થતી રહે તે ખૂબ જ જરૂરી છે તેવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા અને સુંદર આયોજન બદલ પૂ.હરિપ્રિયદાસજી સ્વામી પર અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો. સુઘડ ગામનો આ દશાબ્દી મહોત્સવ ભવ્ય કાર્યક્રમો દ્વારા અનેરું સંભારણું બની રહ્યો.

(કોઠારીશ્રી સુઘડ મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ભૂંડિયા) ૬ ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામીશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સમસ્ત સત્સંગ સમાજ ધરમપુર (ભૂંડીયા)ના સુંદર આયોજનથી તા. ૩-૩-૨૦૨૪ થી તા. ૫-૩-૨૦૨૪ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ભૂંડિયા)નો ૬ ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ધીરજાખ્યાન ગ્રંથની ત્રિદિનાત્મક પારાયણ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી સત્યસંકલ્પદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના સુંદર તાલે થઈ હતી.. આ પ્રસંગે તા. ૫-૩-૨૦૨૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. મંદિરમાં ઠાકોરજીની આરતી પોથીયાત્રા, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આદિ થયા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે અમદાવાદ મંદિરથી પૂજ્ય મહંત સ્વામી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને સર્વે હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વ્રજભૂષણદાસજીએ સુંદર રીતે કર્યું હતું. ગામના દરેક હરિભક્તોએ સુંદર સેવા કરી હતી.

(કોઠારીશ્રી ધરમપુર ભૂંડિયા)

## શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) રાણીપ રજત જયંતી મહોત્સવ ભાઈઓના મંદિરમાં ૩૯ મો પાટોત્સવ એવમ્, વિદુરનીતિ પંચાહ્ન પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ શ્રી સ્વામિનારાયણમંદિર સમસ્ત સત્સંગ સમાજ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રાણીપના સુંદર આયોજથી શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ (બહેનોનું) રજત જયંતી મહોત્સવ અને ભાઈઓના મંદિરનો ૩૯ મો પાટોત્સવ અને તેના ઉપલક્ષમાં શ્રીમદ્ વિદુરનીતિ પંચાન્હ પારાયણ તા. ૧૪ માર્ચથી ૧૮ માર્ચ પર્યન્ત સંપ્રદાયના સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય સદ્. શાસ્ત્રી સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે હજારો કથા પ્રેમીજનોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા.

તા. ૧૯-૩-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. ગાદીવાળાશ્રીએ બન્ને મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં સૌ ભક્તોને અને પ.પૂ. ગાદીવાળાશ્રીએ બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથા દરમ્યાન પ્રસંગોપાત આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. ધામો ધામથી ઘણી મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી વ્રજભૂષણદાસજી (ગાંધીનગર મહંતશ્રી) એ સુંદર રીતે સંભાળ્યું હતું. સમગ્ર ઉત્સવમાં હરિભક્તોએ તન, મન અને ધનથી ખૂબજ સુંદર સેવા કરી હતી.

(શા. સ્વા. વ્રજભૂષણદાસજી - મહંતશ્રી ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા - આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી અને અત્રે સાપાવાડા મંદિરના મહંત સ્વામી અનિરૂધ્ધચરણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડાનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ મહા વદ-૮ તા. ૪-૩-૨૦૨૪ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક પૂ. પી.પી. સ્વામી (જેતલપુર), પૂ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (પોરડા), સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી (લાલોડા) આદિ સંતોના વરદ્ હસ્તે થયો હતો. ત્યારબાદ ઠાકોરજીની શણગાર, અન્નકૂટ આરતી થઈ હતી.

પાટોત્સવના યજમાન પ.ભ. પ્રવિણભાઈ અમીચંદભાઈ પટેલ આદિ પરિવારને સૌ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા. ગામના દરેક હરિભક્તોએ તન, મન, ધનથી સેવા કરી શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો.

(ઈશ્વરભાઈ પટેલ - કેશીયરશ્રી કાલુપુર મંદિર)

**શ્રીહરિચરણોથી પ્રસાદીભૂત મોટેરા મંદિરનો ૩૪ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રેરણાથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વ્રજભૂષણદાસજી અને મોટેરા સત્સંગ સમાજ (ગાંધીનગર)ના સુંદર આયોજનથી તેમજ પ.ભ. નરેન્દ્રભાઈ જીવાભાઈ પટેલ, સરોજબેન નરેન્દ્રભાઈ પટેલના યજમાનપદે મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૪ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૨-૩-૨૦૨૪ થી તા. ૧૫-૩-૨૦૨૪ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી વિદુરનીતિ વિવેચન ત્રિદિનાત્મક રાત્રીય પારાયણ સ.ગુ. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. તા. ૧૫-૩-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીના ૩૪ માં પાટોત્સવની અન્નકૂટ આરતી થઈ હતી. ત્યારબાદ સૌ હરિભક્તોને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(મહંત શા. સ્વા. વ્રજભૂષણદાસજી - ગાંધીનગર)

## મૂળી પ્રદેશના સમાચાર

**શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર (જૂનું ટાવરવાળું) હળવદ વાર્ષિક પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા સ.ગુ. પૂજારી સ્વા. પ્રેમવલ્લભદાસજી તેમજ સત્સંગી હરિભક્તો સમસ્ત હળવદના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર હળવદના ૧૮૦ માં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૨-૩-૨૪ થી તા. ૧૬-૩-૨૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ શા. સ્વા. ભક્તિનંદનદાસજીના વક્તાપદે થઈ હતી. તા. ૧૬-૩-૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી આદિ સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. અને નિજ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં હરિભક્તોને દિશા સૂચક આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવના મુખ્ય યજમાન સોની ઘનશ્યામલાલ છગનલાલ પરિવાર રહ્યા હતા. સભા સંચાલન સ્વા. વિશ્વવિહારીદાસજીએ કર્યું હતું.

આ પ્રસંગે અનેક હરિભક્તોએ નાની મોટી સેવા કરી યજમાનપદનો લાભ લીધો હતો. ધામોધામથી સંતો-સાંખ્યયોગી માતાઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા.

(પ્રતિશ્રી અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) હળવદ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ.

લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શ્રીજીસ્વરૂપદાસજી સ્વામી તથા સત્સંગ સમાજ હળવદના સુંદર આયોજનથી તા. ૨૪-૩-૨૪ થી ૩૦-૩-૨૪ પર્યન્ત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધર્મકૂળની શુભ નિશ્રામાં તેમજ સ્વામિનારાયણ મંદિર (નવું) ભાઈઓનું ૧૭ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૨૪-૩-૨૪ થી તા. ૩૦-૩-૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી (ચરાડવા) તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી વ્રજવલ્લદાસજી (ટ્રસ્ટીશ્રી મૂળી)ના વક્તાપદે થઈ હતી.

તા. ૩૦-૩-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન બહેનોના મંદિર ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો હતો. સાથે ભાઈઓના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી હતી. સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા અને બહેનોને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી હળવદ પ્રાન્તના સર્વે હરિભક્તોને ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં અનેક હરિભક્તોએ સેવા કરી હતી. ધામોધામથી સંતો-સાંખ્યયોગી બહેનો મોટી સંખ્યામાં પધાર્યા હતા. (કોઠારીશ્રી હળવદ - બાઈઓનું મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નટવરગઢ વિશાબ્દી મહોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદાત્મક આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના રાજીપાથી તથા પૂ. સ.ગુ. સ્વા. ઉત્તમપ્રિયદાસજી (સુરેન્દ્રનગર) તથા હજૂરી પાર્ષદ શ્રી મહાદેવ ભગત ગુરુ હજૂરી પાર્ષદ મહોબતસિંહ ભગતની પ્રેરણાથી નટવરગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરના ઠાકોરજીના વિશાબ્દી મહોત્સવ અને તેના ઉપલક્ષમાં આયોજીત શ્રીમદ્ ભાગવત પંચદિનાત્મક પારાયણ સ.ગુ. શા. સ્વા. બ્રહ્મવિહારીદાસજી (સુરેન્દ્રનગર મંદિર મહંતશ્રી) તથા સ.ગુ. સાધુ સત્સંગસાગરદાસજી (મૂળી) ના વક્તાપદે તા. ૨૮-૩-૨૪ થી તા. ૧-૪-૨૪ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થઈ હતી.

તા. ૧-૪-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી. ત્યારબાદ સભામાં સૌ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સુંદર સંચાલન સ.ગુ. શા. સ્વા. વિશ્વવલ્લભદાસજીએ સંભાળ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ, મૂળી, સુરેન્દ્રનગર, જેતલપુર, અસારવા, ટોરડા, અંજલી આદિ ધામોધામના સંતો અને સાંખ્યયોગી માતાઓ પધાર્યા હતા. સેવાભાવી અનેક હરિભક્તોએ ખૂબજ તન, મન, ધનથી સુંદર સેવા કરી હતી. (કોઠારીશ્રી નટવરગઢ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા ૪૮ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિલકંઠદાસજી (ચરાડવા) તથા ચરાડવા સત્સંગ સમાજના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા ધામનો ૧૩૯ મો વાર્ષિક પાટોત્સવ અને બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ૪૮ મો વાર્ષિક પાટોત્સવ તા. ૮-૩-૨૦૨૪ મહાવદ-૧૩ થી ફાગણ સુદ-૨ તા. ૧૨-૩-૨૪ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી દિવ્યપ્રકાશદાસજી (મહંતશ્રી ચરાડવા) સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી વ્રજવલ્લભદાસજી (ટ્રસ્ટીશ્રી મૂળી) સ.ગુ. શા. સ્વા. વિશ્વવિહારીદાસજી સ્વામી (મૂળી)ના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ હતી. તા. ૧૧-૩-૨૦૨૪ ફાગણ સુદ-૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગમાં સંહિતાપાઠના વક્તાશ્રી સ.ગુ. હરિવલ્લભદાસજી સ્વામી (ચરાડવા) બિરાજ્યા હતા.

મહોત્સવના માર્ગદર્શક સ.ગુ. સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી હળવદ, પૂ. સ.ગુ. સ્વામીશ્રી કૃષ્ણવલ્લભદાસજી (મૂળી) રહ્યા હતા. સભા સંચાલન અત્રે મંદિરના મહંત સ્વામી નિલકંઠ સ્વામીએ શોભાવ્યું હતું.

(કોઠારી સ્વામી - ચરાડવા)

**મોરબી શ્રી સ્વામિનારાયણ મંદિર**
**સંપર્ક : મહંત સ્વામી : ૯૭૨૬૯ ૯૭૨૧૦**

**અક્ષરવાસ**

ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. સ્વામી કપિલમુનિદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઉ. ૬૨ વર્ષ) તા. ૦૬-૦૩-૨૦૨૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**મહા સુદ-૧** નારણ પાલજી પાધરા (સુખપર-કચ્છ), પ.ભ. રસિકભાઈ પરીખ (અમદાવાદ), પ.ભ. રમીલાબેન વિનોદચંદ્ર પટેલ (અમદાવાદ), પ.ભ. મનોજભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ). **મહા સુદ-૨** પ.ભ. મધુબેન રમણભાઈ પટેલ (ઝુલાસણ), પ.ભ.અ.નિ. ચતુરભાઈ ગેલાભાઈ પટેલ (ગવાડા), પ.ભ. શિવાભાઈ મોતીભાઈ પટેલ (ખેરોલ), પ.ભ. ભોળીદાસ મોતીદાસ પટેલ (ઝુલાસણ), પ.ભ. અર્જુન ચિંતનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હિતેશભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જીતભાઈ પૂજારા (અમદાવાદ). **મહા સુદ-૩** પ.ભ. બિન્દીયા કિરીટભાઈ કાછડીયા (બીલીમોરા), પ.ભ. દશરથભાઈ સોમાભાઈ પટેલ (કલોલ), પ.ભ. સૂર્યાબેન જીતેન્દ્રભાઈ (અમદાવાદ). **મહા સુદ-૪** કુમારી ઈચ્છાબેન અભયભાઈ પટેલ (અમદાવાદ). **મહા સુદ-૫** પ.ભ.અ.નિ. માવજીભાઈ હિરજીભાઈ હિરાણી (કોડકી-કચ્છ), પ.ભ. ઘનશ્યામભાઈ બી. વ્યાસ (ધોલેરા), પ.ભ.અ.નિ. મંજુલાબેન જીતેશ શામજીના સ્મરણાર્થે (અમદાવાદ). **મહા સુદ-૬** પ.ભ. શામજી લાલજી લાખાણી (બળદીયા-કચ્છ), પ.ભ. રાધાબેન પ્રેમજી વેકરીયા (માંડવી-નાગલપુર-કચ્છ). **મહા સુદ-૭** પ.ભ. પ્રેમજી લક્ષ્મણ હાલાઈ (સુખપર-કચ્છ). **મહા સુદ-૮** પ.ભ.અ.નિ. ધનબાઈ લાલજી ભૂવા (સુખપર-કચ્છ), પ.ભ. કરશન કાનજી ભૂડીયા (સુખપર-કચ્છ), પ.ભ. બાલુભાઈ શંભુભાઈ સાવલીયા (પીઠવડી). **મહા સુદ-૯** પ.ભ. શ્રેયા કિશોરભાઈ મેપાણી (કચ્છ-ભુજ), પ.ભ. પૂર્વ ભાવેશભાઈ ગોહિલ (અમદાવાદ), પ.ભ. મહેન્દ્રભાઈ બેચરદાસ પટેલ (મોટેરા), પ.ભ. રવિન્દ્રકુમાર શનાભાઈ સોલંકી (ગાંધીનગર), પ.ભ. નટવરભાઈ ગોવિંદભાઈ પટેલ (દેઉસણા), પ.ભ. રમણલાલ મરઘાભાઈ પટેલ (ઘમાસણા), પ.ભ. પટેલ એસ. ઉમેદરામ (અમદાવાદ), પ.ભ. સુમિત માવજી હિરાણી (ફોટડી-કચ્છ). **મહા સુદ-૧૦** પ.ભ.અ.નિ. કુંવરજી હિરજી વરસાણી (સુખપર-કચ્છ), પ.ભ. રાજેન્દ્ર એ. પટેલ (અમદાવાદ), પ.ભ. લક્ષ્મણ રૂડા ખેતાણી (સુખપર-કચ્છ), પ.ભ. નવિનચંદ્ર ગોવિંદલાલ પટેલ (મોખાસણ), પ.ભ. અમીષ રમેશચંદ્ર બ્રહ્મભટ્ટ (અમદાવાદ). **મહા સુદ-૧૧** શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (બોટાદ), પ.ભ. લતેશભાઈ મણીલાલ શુકલા (અમદાવાદ). **મહા સુદ-૧૨** પ.ભ. બીનાબેન એસ. ભાવસાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. નગીનદાસ રામદાસ પટેલ (કુંડાલ), પ.ભ. રામબેન ભીખા ગોરસીયા (સુખપર-કચ્છ), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ. હેમલતાબેન હરિકૃષ્ણભાઈ પટેલ (પાલજ), ગીતાબેન ડી. પટેલ (પુંધરા), પ.ભ. મૌલિક પ્રફુલભાઈ પટેલ (ભરૂચ), મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ. ધીરજભાઈ (ભુજ-કચ્છ), પ.ભ.અ.નિ. રવજી હરજી રાબડીયા (વાડાસર-કચ્છ). **મહા સુદ-૧૩** પ.ભ. પરસોત્તમભાઈ અમરશીભાઈ સવાણી (અમદાવાદ), પ.ભ. વાલબાઈ પરબત વેકરીયા (સુખપર-કચ્છ), પ.ભ. અવેધ સુરેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભારતીબેન અર્જુનભાઈ પટોળીયા (અમદાવાદ). **મહા સુદ-૧૪** પ.ભ. મંગુબેન કાંતિલાલ પટેલ (નારદીપુર), પ.ભ. ચિરાગ મહેતા (અમદાવાદ). **મહા સુદ-૧૫** પ.ભ. નિમેષ પ્રકાશભાઈ જાદવ (વિરમગામ), પ.ભ. કૌશલ અશ્વિનભાઈ સોની (બોપલ), પ.ભ. કાંતિલાલ ઈશ્વરલાલ દલવાડી (વિરમગામ), પ.ભ. કાંતિલાલ અંબાલાલ પટેલ (માણસા), પ.ભ. વિનયભાઈ વિભાકર (પદયાત્રી).

**મહા વદ-૧** શ્રીજી હોસ્પિટલ ડૉ. અશ્વિનભાઈ (અમદાવાદ), પ.ભ. વિરાજ અમૃતભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સવિતાબેન ભરતભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ચિમનલાલ ગાંડાલાલ ઠક્કર (રાણેસર), પ.ભ. દિનેશભાઈ એસ. પટેલ (ગાંધીનગર સે-૨૩). **મહા વદ-૨** પ.ભ. તેજેન્દ્રકુમાર સુભાષચંદ્ર ભાવસાર, પ.ભ. મયુર વિનુભાઈ પટેલ (નરોડા), શ્રીહરિ પ્રસન્નાર્થે, પ.ભ. વિવેક વિજયકુમાર સોની (અમદાવાદ), પ.ભ.અ.નિ. કાનજીભાઈ નારણભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. રવજી રામજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. મનીષભાઈ જીતુભાઈ ચોકસી (અમદાવાદ), પ.ભ.અ.નિ. વેલબાઈ માવજી ભંડેરી (સુખપર-કચ્છ), પ.ભ. રસિકભાઈ ફુલાભાઈ પટેલ (કપડવંજ). **મહા વદ-૩** પ.ભ. નિધિ દિનેશભાઈ ઠુમર (અમદાવાદ), પ.ભ. હર્ષદભાઈ લાલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરિકૃષ્ણ કપીલભાઈ ગજેરા (અમદાવાદ), પ.ભ. મુકુન્દભાઈ મોનીલભાઈ પટેલ (વડોદરા). **મહા વદ-૪** અ.નિ. સ.ગુ. શા. સ્વા. ઘનશ્યામસ્વરૂપદાસજી (અમદાવાદ). **મહા વદ-૫** પ.ભ. જીગર કાંતિભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નિર્મળાબેન કાનજીભાઈ સોની (અમદાવાદ), પ.ભ. વિષ્ણુભાઈ પરસોતમદાસ પટેલ (કરજીસણ), પ.ભ. દિવ્યમ જયંતીલાલ પટેલ (અમદાવાદ). **મહા વદ-૬** પ.ભ.અ.નિ. કૈલાસબેન જગદીશચંદ્ર મોદી (અમદાવાદ), પ.ભ. અલકાબેન જનકભાઈ પટેલ (અમદાવાદ). **મહા વદ-૭** પ.ભ. પ્રેમજીભાઈ ખીમજી ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ. અમૃતભાઈ નાથાલાલ પટેલ (ઈટાદરા), પ.ભ. ભૂમિલભાઈ અમૃતભાઈ પટેલ (ઈટાદરા), પ.ભ. કનુભાઈ મહાદેવભાઈ પટેલ (કલ્યાણપુરા), પ.ભ.અ.નિ. રેખાબેન વિષ્ણુભાઈ સોની (અમદાવાદ), પ.ભ. રેણુકાબેન મણીલાલ પટેલ, પ.ભ. લીલાબેન નારણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કપીલાબેન મધુભાઈ માંગરોળીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. કૌશિક વાલજી ગાંગજીયાણી (દહીંસરા-કચ્છ), પ.ભ. મહેન્દ્રભાઈ ડી. પટેલ (ગવાડા), પ.ભ. સિધ્ધાર્થ ચંપકભાઈ ઠક્કર, પ.ભ. જતીન રવજીભાઈ કેરાઈ (ઝુંડાલ), પ.ભ. રમીલાબેન દશરથભાઈ પારેખ (ગામડી), પ.ભ. હરેશભાઈ સાંકેશ્વરભાઈ શુકલ (સિધ્ધપુર), પ.ભ. જે. કે. સિનારાણા (અમદાવાદ), પ.ભ. દેવરાજભાઈ હરજીભાઈ વિરાણી (રણીયાળા), પ.ભ. નિરવ - તરૂણ અશ્વિનભાઈ ગજ્જર (અમદાવાદ). **મહા વદ-૮** પ.ભ. જીનલ મહેશભાઈ પટેલ (અડાલજ), પ.ભ. પ્રિયંકાબેન ખુશાલ વેકરીયા (મિરજાપર-કચ્છ), પ.ભ. પ્રવિણભાઈ સોમાભાઈ પટેલ અ.નિ. કાંતાબેનના સ્મરણાર્થે (ગાંધીનગર), પ.ભ. પ્રવિણભાઈ સોમાભાઈ પટેલ અ.નિ. કાંતાબેનના સ્મરણાર્થે (ગાંધીનગર), પ.ભ. બળદેવભાઈ કિશોરદાસ પટેલ (કરજીસણ). **મહા વદ-૯/૧૦** પ.ભ. મૂળજી લાલજી વરસાણી (સામત્રા-કચ્છ), પ.ભ. સુધાબેન કનૈયાલાલ ચૌહાણ (ચાંદખેડા), પ.ભ. રાહુલ મહેન્દ્રભાઈ હેમારીયા (અમદાવાદ). **મહા વદ-૧૧** પ.ભ.અ.નિ. મનજી માવજી ભંડેરી (વેકરા-કચ્છ). **મહા વદ-૧૨/૧૩** પ.ભ.અ.નિ. પ્રેમબાઈ ગોપાલ હિરાણી (સુખપર-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **મહા વદ-૧૪** પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. પરેશભાઈ પરસોતમભાઈ તથા લલીતાબેન (વડતાલ), લીલાનંદ મેગ્નેસિયમ - હ. પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર), પ.ભ. અંકિતાબેન મિતલભાઈ પટેલ (હિંમતનગર), પ.ભ. મુકેશભાઈ હિરાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સિધ્ધરાજસિંહ દિલીપસિંહ ઝાલા (સુરેન્દ્રનગર). **મહા વદ-૩૦** પ.ભ.અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ), પ.ભ.અ.નિ. ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ, પ.ભ. માધવલાલ મગનલાલ પટેલ (ન્યુ રાણીપ), પ.ભ. હર્ષ કનૈયાલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. કેતનભાઈ અમૃતભાઈ પટેલ (વેડા), પ.ભ. સોનલબેન અક્ષયભાઈ પટેલ (ડાંગરવા), પ.ભ. કૃપા ભાવેશ ભૂડીયા (માંડવી-કચ્છ), પ.ભ. કેસરા પ્રેમજી હાલાઈ (કોડકી-કચ્છ), પ.ભ. યોજશ દિપકકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. હસમુખભાઈ ટી. પટેલ (અમદાવાદ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji









પ.પૂ.અ.સૌ ગાદીવાળાશ્રીના સંકલ્પથી અસારવા વાડીમાં આદિ આચાર્ય મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી દ્વારા પ્રતિષ્ઠિત વીર હનુમાનજી મહારાજ સમક્ષ સુદરકાંડનાં પાઠ શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપોના સાંનિધ્યમાં યોજાયા હતા.



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૩માં વાર્ષિકોત્સવ પ્રસંગે સમૂહ મહાપૂજામાં આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે યજમાન પરિવાર



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ''વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન''નું સંમેલન પ.પૂ.મોટા મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયું હતું.






સુઘડ મંદિરના દશાબ્દી મહોત્સવ પ્રસંગે સભામાં આશીર્વચન પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026









અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના ૨૦૨માં પાટોત્સવ
તથા
પાટોત્સવના ઉપલક્ષમાં સંત મહાદીક્ષા આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી